**સુવિચાર**
સારો મિત્ર આપણી ખામીઓને નજરઅંદાજ કરે છે, જ્યારે ઉત્તમ મિત્ર તો એ જોઈ જ નથી શકતો !
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૯/૦૭/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ
PENDAWALA
'પુસ્તક એટલે સમયનાં સાગરમાં ઉભી કરવામાં આવેલી દીવાદાંડી'
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.8999990099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ અષાઢ વદ-૯ વર્ષ : ૧૬ અંક : ૧૮૭

### સમગ્ર પંથકમાં ચકચાર જગાવતી ઘટના : ગામજનો ટોળે વળ્યા

# વડિયાનાં ઢુંઢીયા પીપળીયા ગામે વૃધ્ધ દંપતીની હત્યા

**ચકુભાઈ બોઘાભાઈ રાખોલીયા (ઉ.વ. ૭૫) અને કુંવરબેન ચકુભાઈ (ઉ.વ. ૭૦)ની હત્યાથી ચકચાર**

**બનાવની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે દોડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી**

**વૃધ્ધ દંપતી એકલુ રહેતું હોવાથી હત્યારાએ હત્યાને અંજામ આપ્યો**

**લૂંટનાં ઈરાદે કે અન્ય કોઈ ઈરાદે હત્યા થઈ તેને લઈને તપાસ શરૂ થઈ**



અમરેલી, તા. ૧૮

વડિયાનાં ઢુંઢીયા પીપળીયા ગામે એકલા રહેતાં વૃધ્ધ દંપત્તિની હત્યાનો બનાવ બનતા સમગ્ર પંથકમાં ચકચાર મચી છે અને બનાવની જાણ થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. કોણે અને શું કામ હત્યા કરી તેને લઈને તપાસ શરૂ કરી છે.

વિગત એવા પ્રકારની છે કે, વડિયાનાં ઢુંઢીયા પીપળીયા ગામે રહેતા વૃધ્ધ દંપત્તિ ચકુભાઈ રાખોલીયા (ઉ.વ. ૭૫ અને તેમનાં ધર્મપત્ની કુંવરબેન રાખોલીયા (ઉ.વ. ૭૦) રાત્રિનાં સમયે ઘરે સુતા હોય તે સમયે કોઈ અજાણ્યા શખ્સોએ ઘરમાં ઘુસીને નવદંપત્તિની લૂંટનાં ઈરાદે હત્યા કરી હોવાની આશંકા જોવા મળી રહી છે.

મોડી રાત્રિએ ઘટના બની હોવાની આશંકા વચ્ચે બપોર સુધી નવદંપત્તિ ઘરની બહાર ન દેખાતા અને અચાનક કોઈનું ધ્યાન ગયું હોય અને બાદમાં સમગ્ર ઘટના પ્રકાશમાં આવતાં પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને હત્યા કોણે અને શું કામ કરી તેની તપાસ આદરી હતી.

બનાવની જાણ થતાં ગામજનોનાં ટોળેટોળા બનાવનાં સ્થળે એકત્ર થયા હતા.

### શહેરમાં અનેક માર્ગોનું કામ શરૂ હોય પરેશાની

## અમરેલીનાં જેશીંગપરાનાં રહેવાસીઓ માર્ગની ધીમીગતિની કામગીરીથી રોષે ભરાયા

**ચક્કાજામ કરાતાં પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ**

અમરેલી, તા. ૧૮

અમરેલી શહેરમાં લાઠી રોડ, ચિતલ રોડ, લીલીયા રોડ, ગાવડકા રોડ સહિતના માર્ગો ઉપર સીસીરોડ બનાવવાની કામગીરી ચાલતી હોય, પરંતુ કામ કરતી એજન્સી ગોકળ ગાયની રીતે કામ કરતી હોય, જેથી અમરેલી શહેર ખાડા નગરી બની જવા પામેલ છે. આ ઉપરાંત શહેરના તથા બાયપાસ રોડ ઉપરના નાળા નબળા થઈ જતાં આવા નાળા પણ ભારે વાહનો માટે બંધ કરી દેવાતા આવા ભારે વાહનો શહેરમાંથી પસાર થતાં હોય, લોકોમાં સતત અકસ્માતનો ભય રહેતો હોય, ત્યારે અમરેલીના જેશીંગપરાના લોકોનો રોષ

અનુસંધાન પાના ૬ ઉપર



### સિટી પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધવા માંગ કરાઈ

## સાવકુંડલાનાં કથાકાર રાજુગીરી ગોસ્વામીએ વ્યાસપીઠ પરથી અપમાનજનક નિવેદનો કરતાં બ્રહ્મ સમાજ લાલઘુમ

**કથાકાર શિવકથાનાં નામે વિવિધ સમાજોને સતત અપમાનીત કરતા હોવાનો આક્ષેપ**



સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા સમસ્ત બ્રહ્મ સમાજ અને કર્મકાંડી બ્રહ્મ સમાજ દ્વારા કથાકાર રાજુગિરી કાશીગીરી ગોસ્વામી (રહે. મોટાઝીંઝુડા,) વિરૂધ્ધ ઉગ્ર વિરોધ નોંધાવી સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ દાખલ કરવામાં આવી છે. તેમની સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧, ૧૯૬, ૨૯૬, અને ૨૯૯ હેઠળ ગુનો નોંધવાની માગણી કરવામાં આવી છે. આ ફરિયાદ કથાકાર દ્વારા વ્યાસપીઠ પરથી બ્રહ્મ સમાજ અને અન્ય સમાજો વિરૂધ્ધ અપમાનજનક તથા ઉશ્કેરણીજનક નિવેદનો કરે છે સાવરકુંડલા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ મુકેશભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, આરોપી રાજુગિરી ગોસ્વામી શિવકથાના નામે જુદા-જુદા સમાજો અને જ્ઞાતિઓને સતત અપમાનિત કરી રહ્યા છે. તેઓ પોતાની પ્રતિષ્ઠા વધારવા અને અન્ય જ્ઞાતિઓને નીચી દેખાડવાના બદઈરાદાથી ચોક્કસ જ્ઞાતિઓને નિશાન બનાવે છે અને ધર્મની આડમાં ધાર્મિક માન્યતાઓનું અપમાન કરી રહ્યા છે. "બ્રાહ્મણો ધાર્મિક વિધિના નામે ઉંધા ચશ્મા પહેરાવે છે."

ફરિયાદમાં ઉલ્લેખ છે કે રાજુગિરી ગોસ્વામીએ અગાઉ ઉના તાલુકામાં પોતાની કથામાં ઓબીસી સમાજ અને અન્ય સમાજો વિરૂધ્ધ પણ આવા જ અપમાનજનક નિવેદનો કર્યા હતા, જેના પછી તેમણે માફી પણ માંગી હતી. જોકે, તાજેતરમાં, તેમણે કચ્છમાં યોજાયેલી કથા દરમિયાન સમસ્ત બ્રહ્મ સમાજની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાના ઈરાદાથી જાહેરમાં

અનુસંધાન પાના ૬ ઉપર

### ઉગતી જીંદગીએ અંતિમવાટ પકડી

## વડિયાનાં ૧૭ વર્ષિય વિદ્યાર્થીએ માતાને ઘરે લાવવા બાબતે ગળાફાંસો ખાધો

**છતનાં હુંક સાથે વાયર બાંધી પગલુ ભર્યુ**

અમરેલી, તા. ૧૮

વડીયા ગામે રહેતા હિરેનભાઈ મોહનભાઈ મકવાણા નામના ૧૭ વર્ષિય વિદ્યાર્થી પોતાની માતાને ઘરે પાછા લાવવા માંગતો ન હોય. જે વાતનું મનમાં લાગી આવતાં ગત તા. ૧૬ના રાતથી તા. ૧૭ના રોજ સવારે ૭ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે જુના રાંદલના દડવા ગામે પોતાના રૂમમાં સ્લેબના બીમમાં રહેલ હુક સાથે ઈલેકટ્રીક વાયર બાંધી ગળાફાંસો ખાય લેતાં તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ
મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો.૯૬૮૭૦ ૭૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ
એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(બારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

નારી હોસ્પિટલ
ડો. ચિરાગ કુબાવત M.B.D.G.O.
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com
હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
:: રીસેપ્શનિસ્ટ ::
(કમ્પ્યુટર / ધો. ૧૨ પાસ) (લેડીઝ-૨)
પગાર ધોરણ : 5,000-7,000
:: કમ્પ્યુટર ઓપરેટર :: (લેડીઝ-૨)
ડેટા એન્ટ્રી, સોફ્ટવેર શીટ એન્ટ્રી, મેડીકલ સ્ટોક મેનેજમેન્ટ, તેમજ ઓનલાઈન પ્રિસ્ક્રીપ્શન રાઈટીંગ માટે અનુભવી
પગાર ધોરણ : 5,000-7,000
:: સમય ::
સવારે : ૯ : ૦૦ થી બપોરે ૩ : ૦૦
બપોરે : ૩ : ૦૦ થી રાત્રીના ૧૦ : ૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું ફોન કરવો નહીં

### પૂર્વ બાતમીના આધારે વનવિભાગે તપાસ કરી

## સાવકુંડલાનાં સીમરણ ગામેથી સિંહનાં નખ મળી આવતા તપાસ શરૂ

**વાલજી માતંગ નામના આરોપીની અટકાયત**



અમરેલી, તા. ૧૮

દેશની આન બાન અને શાન સમા સિંહો એટલે એશિયાન્ટિક સિંહો ગણાય છે ને સિંહોની સુરક્ષામાં તૈનાત વનવિભાગ દ્વારા સિંહોની તકેદારીઓ રાખે છે ત્યારે સાવકુંડલાના સીમરણ ગામેથી વનવિભાગને પૂર્વ બાતમીને આધારે વન્યપ્રાણીઓના ચામડા સાથે ૨ સિંહના નખ મળ્યા હતા. વન્યપ્રાણી કાળિયારનું જૂનું ચામડું મળી આવ્યુ હતું સાથે સિંહના ૨ ન્હોર નખ મળ્યા હતા. જુનવાણી સમયનું કાળિયાર હરણનું ચામડું સાથે ૨ સિંહના નખ મળતા વનવિભાગ હરકતમાં

અનુસંધાન પાના ૬ ઉપર

# આંધ્રપ્રદેશની બેન્કમાં કોઈ ધંધા માટે રોકાણ કરતા નુકસાન જતાં


# ખાંભાની ખાનગી ગોલ્ડ બેન્કમાં નોકરી કરતી યુવતીએ સુસાઈડ કર્યુ

**આત્મહત્યા કરતાં પહેલા તેમના મમ્મી–પપ્પાને પત્ર લખીને હકીકત જણાવી**

**૨૮ લાખનું દેવું થઈ ગયેલ હોય જે ચુકવી શકતી ન હોવાથી ઝેર પી લીધું**

**ખાનગી બેન્કનાં સ્ટોરરૂમમાં ગુરૂવારે ઝેર પી લેતાં સારવારમાં ખસેડાઈ**

**સારવાર દરમિયાન અંતિમશ્વાસ લેતા તેણીનાં માતા–પિતા હતપ્રત**










અમરેલી, તા. ૧૮

ખાંભાતાલુકાનાભાડ ગામે રહેતી અને ખાંભા ગામે આવેલ આઈઆઈએફએલ ગોલ્ડ લોન બેંકમાં છેલ્લા અઢી વર્ષથી નોકરી કરતી ભુમીકાબેન હરેશભાઈ રવજીભાઈ સોરઠીયા નામની ૨૮ વર્ષિય યુવતીએ આંધ્રપ્રદેશની કોઈ બેંકમાં કોઈ ધંધા માટે રૂપિયા૨૮ લાખનુંરોકાણ કરેલહોય.જે ધંધામાંનુકસાનીજતારૂપિયા૨૮ લાખનુ દેણુ થઈ ગયેલ હોય અને તે રકમ તેણી ચુકવી શકે તેમ ના હોય. ત્યારે તેણીએ ગઈકાલતા.૧૭નારોજસવારે૧૦:૩૦ વાગ્યે ખાંભા ગામે આવેલ આઈઆઈએફએલ બેન્ક ઓફિસના સ્ટોર રૂમમાં એક સુસાઈડ નોટ લખી અનાજમાં નાખવાના ઝેરી ટીકડા ખાઈ લેતાં તેણીને સારવાર માટે પ્રથમ ખાંભા ત્યાંથી રાજુલા અને મહુવા દવાખાને ખસેડાતા તેણીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે સુસાઈડ નોટનાઆધારે કોઈઓનલાઈનગેમમાં આફસાય હતી કે કેમ? આ બનાવ અંગે અજાણ્યાઈસમસામેફરિયાદદાખલકરી ધોરણસર કાર્યવાહીહાથ ધરેલછે. આ બનાવને લઈ ખાંભા પંથકમાં ચકચાર મચીજવા પામેલ છે.

### મુળ ઉત્તરપ્રદેશનાં વતની અને હાલમાં

## રાજુલાનાં વિશ્વાસ એપાર્ટમેન્ટમાં રહેતા યુવકે ગળાફાંસો ખાઈ લીધો

**અગમ્ય કારણોસર પગલું ભર્યુ**

અમરેલી, તા. ૧૮, ઉતરપ્રદેશનાવતની અને હાલ રાજુલા ગામે આવેલ વિાસ એપાર્ટમેન્ટ, આહીર સમાજના ગેઈટ પાસે રહેતા સહિદરજા જિબરૈલ અંસારી નામના ૧૮ વર્ષિય પરપ્રાંતિય યુવકે ગત તા. ૧૭ના રોજ કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતાં તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### લોભામણી સ્કીમ મુકીને ગ્રાહકોને છેતરતા હતા

## રાજુલા : ઈન્સ્ટાગ્રામમાં અલગ–અલગ ફેક એકાઉન્ટથી છેતરપીંડી કરનાર ૨ ઈસમો ઝડપાયા

**રાજસ્થાનમાંથી શની સેન અને રવિન્દ્રસિંહ ઝડપાયા**



રાજુલા, તા. ૧૮

સાયબર ફોડને અંજામ આપનાર આરોપીઓને રાજુલા પોલીસે ઝડપી પાડયા છે એક વર્ષ જૂની ફરિયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી જેમાં ઈન્સ્ટાગ્રામ અલગ અલગ ફેકફેશન એકાઉન્ટસથી લોકો સાથે છેતરપિંડી કરવામાં આવી રહી હતી ઈન્સ્ટાગ્રામ પર વિવિધ ફેશન આઈડીના એકાઉન્ટ પરથી ચણિયાચોળી કપડાંના વેચાણ માટે જાહેરાત કરવામાં આવી હતી. જાહેરાતોમાં ડિસ્કાઉન્ટ અને લોભામણી સ્કીમ મૂકી ગ્રાહકોને આકર્ષવામાં આવતા હતા ફરિયાદી જયારે તે આઈડી પર કપડાનું ઓર્ડર કરી ત્યારે આરોપીઓએ તબક્કાવાર પૈસા પડાવતા રહ્યા હતા પૈસા પછી પણ માલ મળ્યો નહીં અને અંતે ફરિયાદીને સમજાયું કે તેઓ સાયબર ફોડનો ભોગ બન્યા છે. ત્યારબાદ રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી તપાસ શરૂ કરવામાં આવી તપાસ દરમિયાન રાજુલા પોલીસે ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટસના ટેકનિકલ ડેટાની મદદથી રાજસ્થાનમાં સની સેન અને રવિન્દ્રસિંહ નામના બે આરોપીઓને પકડી પાડયા છે. આ બંને આરોપીઓ સોશિયલ મીડિયા દ્વારા લોકો સાથે છેતરપિંડી આચરતા હતા પોલીસ તપાસમા હરિયાણાનો પ્રીતમ બેરવા, રાજસ્થાનનો મોનુ સાખલા અને કેટલીક ગેમિંગ વેબસાઈટના ધારકોના નામો પણ ખુલ્યા છે આરોપીઓ અલગ અલગ લોકોના બેંક ખાતાઓના ઉપયોગ કરી પૈસા જમા કરાવતા હતા અને અલગ અલગ સીમ કાર્ડના ઉપયોગ કરી પોતાની ઓળખ ખોટી આપતા હતા.

પોલીસ તપાસ દરમિયાન રાજયના વિવિધ જિલ્લાઓમાં ૨૭ જેટલા લોકોને આ જ રીતે ઈન્સ્ટાગ્રામના નકલી ફેશન પેજ પર લોભામણી સ્કીમો દ્વારા છેતરવામાં આવ્યા હોવાનો ખુલાસો થયો છે જુદા જુદા લોકો પાસેથી સાત લાખ રૂપિયા કરતા વધુ રકમ પડાવી હોવાની કબૂલાત પોલીસ સમક્ષ આપી છે રાજુલા પોલીસને આ સમગ્ર કેસમાં મોટી સફળતા મેળવી છે આરોપીઓને કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડ મેળવવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે તપાસ દરમિયાન હજુ પણ મોટા ખુલાસા થઈ શકે છે.

### વડીયાના બાંટવા દેવળીયા બરવાળા બાવળ ગામે જતા

## ફુલકી નદી પરનો બ્રિજ વાહન વ્યવહાર માટે હિતાવહ ન હોવાથી વૈકલ્પિક રૂટ જાહેર કરવામાં આવ્યા

**ભારે વાહનોએ બાંટવા, દેવળી, વડીયા, બરવાળા બાવળ રોડ પરથી પસાર થવું**

અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લાના કુંકાવાવ–વડીયા તાલુકાના બાદ દેવળીથી બરવાળા બાવળ ગામે જતા ફૂલકી નદી પર આવેલ બ્રિજ વાહન વ્યવહાર માટે શરૂ રાખવો તાંત્રિક રીતે હિતાવહ ન હોવાથી આ બ્રિજ પરથી વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજે ભારતીય ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૩(૧) (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ જાહેરનામું પ્રસિધ્ધ કર્યુ છે. બાંટવા દેવળીથી બરવાળા બાવળ ગામે જતા ફુલકી નદી પર આવેલ બ્રિજ પરથી ઉપરથી પસાર થતાં તમામ પ્રકારના વાહનો માટે રૂટ ડાઈવર્ટ કરવામાં આવ્યો છે, સાથે જ વૈકલ્પિક રૂટ પણ જાહેર કરવામાં આવ્યા છે.

વૈકલ્પિક રૂટ–૧ મુજબ ભારે વાહનો માટે બાંટવા દેવળી – વડીયા – બરવાળા બાવળ અને વૈકલ્પિક રૂટ – ૨ મુજબ ભારે વાહનો સિવાયના વાહનોએ પુલની બાજુમાં ગામમાંથી પસાર થતા રસ્તા પરથી પસાર થવું.

### કૃભકો અને તાલુકા ખ.વે. સંઘ દ્વારા

## જુના વાઘણીયા ખાતે ડીલર કોન્ફરન્સ યોજાયું

**ખેડૂતોને જરૂરી માર્ગદર્શન અપાયું**





કુંકાવાવ, તા. ૧૮

કૃષક ભારતી કો–ઓપરેટિવે લિ. (કૃભકો) અને કુંકાવાવ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.ના સંયુકત કાર્યક્રમના જુના વાઘણીયા ગામે જડેશ્વર મહાદેવની જગ્યામાં ડીલર કોન્ફરન્સ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

કૃભકોના પ્રતિનિધિ કેતનભાઈ વેગડાએ કૃભકો દ્વારા ચાલતી સહકારી પ્રવૃતિની માહિતી આપેલ. તેમજ કૃભકો ઉત્પાદક યુરિયા, ડી.એ.પી., એન.પી.કે.સેન્દ્રીય ખાતર, બાયો ફેર્ટીલાઈઝર, કપાસ બિયારણ, જીંક સલફેટ, શિવારીકા અને માયકોરાઈઝા વિશેની સવિસ્તારથી માહિતી આપેલ હતી. રાસાયીક ખાતરનો વપરાશ ઘટાડીને સેન્દ્રીય ખાતર અને બાયો ફર્ટીલાઈઝર વાપરવા માટેની ભલામણ કરેલ તેમજ જમીન ચકાસણી કરીને જ ખાતર વાપરવા માટેની ભલામણ કરેલ હતી. ખેડૂતભાઈને જમીનમાં સુક્ષ્મ તત્વોની જરૂરીયાત વિષે માર્ગદર્શન આપેલ.

ત્યારબાદ વિરજીભાઈ ઠુંમર દ્વારા કૃભકો અને ઈફકો ખાતર તેમજ દવા ઉત્પાદિત માયકોરાઈઝા અને સીવારિકા વાપરવા માટેની ભલામણ કરવામાં આવેલ અને રાસાયણિક ખાતરનો સમજણ પુર્વક વાપરવા માટેનો આગ્રહ રાખેલ. તેમજ રવજીભાઈ પાનસુરીયા સહકારી વિભાગ દ્વારા જ ખેડૂતોનું કલ્યાણ થઈ શકે અને સહકારી વિભાગમાં તેમજ તમામ ખરીદી કરવી જોઈએ તેવું ભારપૂર્વક જણાવેલ અંતમાં આભાર વિધિ અતુલભાઈ કિકાણી દ્વારા કરવામાં આવેલ અને મોટી સંખ્યામાં બધા હાજર રહી કાર્યક્રમને સફર બનાવેલ.


## લીલીયા : ભાજપ ટીમ વિવિધ ધાર્મિક સ્થળો પર જવા રવાના



લીલીયા, તા. ૧૭

લીલીયા તાલુકા ભાજપ ટીમ જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, જલ્પેશભાઈ મોવલિયા, કેતનભાઈ ઢાંકેચા, તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશભાઈ સાવજ, મહામંત્રી જીગ્નેશ ઝીંઝુવાડીયા, કાનજીભાઈ નાકરાણીની ઉપસ્થિતિમાં ટીમ હરિદ્વાર જવા રવાના થઈ જયાં ગંગા મૈયા સ્નાન તેમજ ઋષિકેશ સ્વામિનારાયણ મંદિર દર્શનમાં ચંડી દેવી મંદિરના દર્શન તથા હરડી પૌડી ગંગા આરતીમાં ટીમ ઉપસ્થિત રહી આરતીના દર્શન ટીમ જિલ્લા ભાજપ કાર્યકર્તા તેમન તાલુકા ભાજપ કાર્યકર્તા દ્વારા કરવામાં આવશે સાથે સાથે અનેક ધાર્મિક સ્થળોની ટીમ દ્વારા મુલાકાત લેવાશે ત્યારે આવો સુંદર વિચાર (હું નહીં સૌ) તેવો વિચાર જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત, આનંદભાઈ ધાનાણી, ભનુભાઈ ડાભીને આવતા છેલ્લન એક મહિનાથી થતી તૈયારીને આજ આખરી ઓપ, આપી સહુ સાથે જાત્રાએ જઈ રહેલ હોય ત્યારે આવા સુંદર વિચારોની જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સહિતના લોકો દ્વારા સરાહના થઈ રહી છે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## કિતની ખુબસુરત યે તસ્વીર હૈ



ચોમાસામાં પુરતા વરસાદને લઈને ગીર વિસ્તારમાં પ્રૃતિ સોળે કળા ખીલી ઉઠી છે. જાણે કે ધરતીમાતા અને લીલી છમ્મ ચુંદડી ઓઢી છે. ત્યારે મધ્યગીરમાં આવેલ પ્રસિધ્ધ તીર્થ સ્થળ શ્રી તુલસી શ્યામ મંદિર અને આજુબાજુની લીલીછમ વનરાજી જોતા જાણે કે કોઈ દિવ્ય અલૌકિક અનુભૂતિનો અહેસાસ થયા વિના રહેતો નથી. પ્રસ્તુત તસ્વીર ને જોતા પ્રતીત થયા વિના રહેતુ નથી કે જાણે ભગવાન શ્યામ સમીપ પ્રકૃતિએ અદભુત સૌદર્ય વેર્યુ છે.

### ૩ વર્ષ પહેલા નોંધાયેલ ફરિયાદનો કેસ ચાલી જતા

## અમરેલીમાં રહેતી તરૂણીનુ અપહરણ કરનાર આરોપીને ૨૦ વર્ષની સખત કેદ

**ભોગ બનનારને રૂપિયા ૪ લાખનુ વળતર ચુકવવા આદેશ**

અમરેલી, તા. ૧૮

અમરેલી તા.

અમરેલીમાં રહેતી એક તરૂણીનો ત્રણ વર્ષ પહેલાં એક આરોપી અવાર–નવાર પીછો કરી તેણીની જાતીય સતામણી કરી અને લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી, લઈ ગયેલ હતો. આ અંગેનો કેસ ચાલી જતાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૫ હજારના દંડની સજા ફટકારી હતી. જયારે આવા બનાવમાં ભોગ બનનાર તરૂણીને રૂપિયા ૪ લાખ વળતર પેટે ચુકવવા પણ આદેશ કર્યો હતો.

અમરેલીના બહારપરા વિસ્તારમાં રહેતી એક ૧૬ વર્ષિય તરૂણીને ધારી તાલુકાના હુડલી ગામનો વતની અને હાલ અમરેલીના બહારપરામાં આવેલ પુતળીબાઈની શેરીમાં રહેતા આરોપી રાહુલ ઉર્ફે હડો બચુભાઈ સોલંકી નામનો ઈસમ ગત તા.૧/૪/૨૨ થી તા.૧૩/૧૨/૨૨ ના સમયગાળા દરમિયાન લલચાવી–ફોસલાવી, અવાર–નવાર આ તરૂણીનો પીછો કરી તેણીની જાતીય સતામણી કરી, લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી, લઈ ગયેલ હતો. આ અંગે આરોપી સામે જે તે સમયે અમરેલી સિટી પોલીસમાં ફરિયાદ નોંધાયેલ હતી.

આ અંગેનો કેસ અમરેલીની સ્પે.પોકસો અને ચોથા એડી. સેશન્સ કોર્ટમાં ચાલીવાળાઓની જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની કોર્ટમાં ચાલી જતાં સ્પે. જજ ડી.એસ. શ્રીવાસ્તવ દ્વારા આરોપી રાહુલ ઉર્ફે હડો બચુભાઈ સોલંકી નામનો ઈસમને આઈ.પીસી. કલમ ૩૬૩ તથા ૩૬૬ ના ગુન્હામાં તકસીરવાર ઠરાવી ૭ વર્ષની સખત કેદ અને રૂપિયા ૫ હજાર દંડની સજા તથા આઈ.પીસી. કલમ ૩૫૪ (ડી), ૩૭૬, ૩૭૬ (૨) (જે), ૩૭૬ (૩) તથા પોકસો એક્ટની કલમ ૪, ૬, ૮, ૧૦, ૧૨ તથા ૧૮ ના ગુન્હામાં તકસીરવાર ઠરાવી ૨૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૦ હજારના દંડની સજા ફટકારી હતી. જયારે આવા બનાવમાં ભોગ બનનાર તરૂણીને રૂપિયા ૪ લાખ વળતર પેટેચુકવવા પણ આદેશ કર્યો હતો.

### ગેરંટી પિરિયડ હેઠળનાં માર્ગોનુ રીપેરીંગ શરૂ

## અમરેલી જિલ્લામાં ૧૮ ઈજારેદારોએ ૯૭ માર્ગોની સ્વખર્ચે મરામતની કામગીરી શરૂ કરી

**૨૦ જુલાઈ સુધીમાં કામગીરી પૂર્ણ કરવા તાકીદ**

અમરેલી, તા. ૧૮

ગેરંટી પિરિયડ હેઠળના અમરેલી જિલ્લાના રસ્તાઓના ૧૮ જેટલા ઈજારેદારોને માર્ગ અને મકાન પંચાયત વિભાગે નોટિસ પાઠવી હતી, તેના પગલે કોન્ટ્રાક્ટરોએ સ્વખર્ચે ૯૭ જેટલા માર્ગની મરામતની કામગીરી શરૂ કરી છે. જે પૈકી ઘણા રસ્તાની રિપેરિંગ કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે.

અમરેલી માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ દ્વારા કાર્યક્ષેત્ર હેઠળ ના રોડનો તાજેતરમાં સર્વે કરવામાં આવ્યો હતો. જે પૈકી ચોમાસા દરમિયાન ખરાબ થયેલ રોડ માટે ઈજારદારો સામે કડક વલણ દાખવી શિક્ષાત્મક કાર્યવાહી સૂચવવાની તાકીદ કરવામાં આવી હતી. જેના ભાગરૂપે ખરાબ થયેલ રોડની મરામતની કામગીરી તાત્કાલિક અસરથી ઈજારદાર દ્વારા સ્વખર્ચે શરૂ કરી છે. જે શકય તમામ ઝડપે આગામી તા.૨૦ જુલાઈ સુધીમાં પૂર્ણ કરવાની તાકીદ કરવામાં આવી છે.

આ ઉપરાંત જિલ્લાના અન્ય રોડની મરામતની કામગીરી મેટલ પેચ, ડામર પેચ અને કોંક્રીટના પેચથી કરવામાં આવી રહી છે, જે કામગીરી પણ નજીકના સમયમા પૂર્ણ કરવામાં આવશે.

# આરોગ્યની સમજ




સ્વાસ્થ્ય એટલે સંપૂર્ણ શારીરિક, માનસિક, બૌદ્ધિક, સામાજિક, પર્યાવરણિય અને આધ્યાત્મિક સંતુલનની સ્થિતિ.

સ્વસ્થ રહેવા માટે પૌષ્ટિક આહાર, સ્વચ્છ વાતાવરણ, સલામત પાણી, કચરા અને મળત્યાગનો યોગ્ય નિકાલ તથા રોગપ્રતિકારકશકિત કુદરતી તેમજ ઉપાર્જિત જરૂરી છે.

શરીર, મન અને આત્મા એકમેક સાથે અભિન્નપણે જોડાયેલાં છે. તે ત્રણે મળીને આપણું એક અખંડ વ્યકિતત્વ બને છે. શરીર સ્થૂળ અને નાશવંત છે, એ ખરૂ પણ એના વિના મન અને આત્માનું રહેવું શકય નથી.

આપણા દેશમાં જુદી જુદી પદ્ધતિથી સારવાર કરવામાં આવે છે, જેમ કે આયુર્વેદ, હોમિયોપથી, યુનાની, એલોપથી એકયુપ્રેશર, એકયુપંચર, રેકી કલર થેરાપી તથા બીજી ઘણી પદ્ધતિઓ છે, જેને જે અનુકૂળ આવે, જેનામાં વિાસ હોય તે સારી.

**આપણે એલોપથી વિશે જાણીએ** :એલોપેથીમાં જ્ઞાનની કોઈ સીમા નથી, વ્યાપક છે તેથી જીવંત છે. કોઈ પણ શોધ થાય તો તેનો લાભ સમગ્ર વિને મળે તેવી વિશાળતા તેમાં રહેલી છે. વકતવ્ય, પ્રકાશન અને ઈન્ટરનેટ જેવાં માધ્યમ દ્વારા દરેક ખૂણે પહોંચાડવામાં આવે છે.એલોપથીમાં હાલના તબક્કે સારવાર માટે ત્રિસ્તરીય પદ્ધતિ છે, જેમ કે ફેમિલી ફિઝિશિયન સ્પેશિયાલિસ્ટ અને સુપરસ્પેશિયાલીસ્ટ.રોગ ત્રણ પ્રકારના હોય છે :(૧) ચેપી (૨) આનુવંશિક અને (૩) જીવનશૈલીથી થતા.બીજી રીતે જોઈએ તો કારણ પ્રમાણે(૧) ચેપી રોગો દા.ત. ઓળી, અછબડા, ટાઈફોઈડ

(૨) ભૌતિક અને રાસાયણિક પદાર્થોના કારણે થતા રોગો, દાઝવું, ઝેર ચડવું વગેરે. (૩) ઈજાના કારણે થતા રોગો (૪) ખોરાકની ઊણપના કારણે થતા રોગો (૫) ઘસારાના કારણે, ઉંમરનો વા, લોહીનું ઊંચું દબાણ (૬) નવી વૃદ્ધિના કારણે – કેન્સર(૭) પરચૂરણ રોગો – એલર્જીના કારણે થતા રોગો(૮) આનુવંશિક, વારસાગત અને અજાણ્યા કારણે થતા રોગો આનુવંશિક રોગો પર અત્યારે આપણો કાબૂ નથી, પરંતુ જો તકેદારી રાખવામાં આવે તો મોડા પ્રવેશ કરે, જૈનિક વિજ્ઞાનની પ્રગતિ જોતાં આશા છે કે આના પર આપણો કાબૂ આવી જશે. ચેપી રોગો બેકટેરિયાથી થતા કાબૂમાં આવતા જાય છે, પરંતુ વાઈરલ વધતા જાય છે. અત્યારે સૌથી વધારે રોગ જીવનશૈલીથી થતા જોવા મળે છે.

આરોગ્યની દષ્ટિએ વિના લોકોને આપણે નીચેના વિભાગોમાં વહેંચી શકીએ :

(૧) લગભગ ૬૦% લોકો અત્યારે તંદુરસ્ત, પરંતુ ભવિષ્યમાં માંદા પડવાની સંભાવના ધરાવતા લોકો

(૨) ૨૫% લોકો અત્યારે માંદગીથી પીડાતા

(૩) ૧૫% લોકોને આધુનિક સારવાર, દવા, વાઢકાપની જરૂર.

માંદગીનું પ્રમાણ અને પ્રકાર સમયનુસાર બદલાતા રહે છે.પૌષ્ટિક આહાર અને સ્વચ્છતાના કારણે ચેપી રોગોનું પ્રમાણ ઘટવા લાગ્યું છે. આધુનિક દવાઓને કારણે ચેપી રોગોથી થતા મૃત્યુનું પ્રમાણ પણ ઘટવા લાગ્યું છે. આયુષ્ય વધ્યુ છે અને તેના કારણે ઘસારાથી થતા રોગો અને કેન્સરનું પ્રમાણ વધ્યું છે. આધુનિક જીવનશૈલીના કારણે માનસિક બીમારીઓ વધી છે. શહેરીકરણ વધતાં આકસ્મિક ઈજાઓનું પ્રમાણ વધેલ છે.

જીવનશૈલી તંદુરસ્તી માટે કેવી હોવી જોઈએ. કોઈ પણ વ્યકિત કેટલી સ્વસ્થ છે એનો અંદાજ કેટલાંક માપદંડથી મળે છે, જે નીચે મુજબ છે.

(૧) સ્વસ્થ ખોરાક (૨) શારીરિક સક્રિયતા (૩) સપ્રમાણ વજન (૪) તમાકુ, દારૂ તથા અન્ય વ્યસનથી મુકિત (૫) તણાવનું નિદાન અને તણાવમુકિત (૬) અકસ્માત અને મારામારીથી બચાવ (૭) શારીરિક સ્વચ્છતા અને પ્રદૂષણમુકત ચોખ્ખું પર્યાવરણ (૮) સાર્વત્રિક રસીકરણ (૯) જવાબદાર જાતીય જીવન (૧૦) દરેકને સ્વાસ્થ્ય સેવા મળી રહે.

**સ્વસ્થ ખોરાક :** શાકાહાર ઉત્તમ શાકભાજી અને ફળોમાં એન્ટિઓકિસડન્ટ પુષ્કળ પ્રમાણમાં જોવાં મળે છે. સેલેનિયમ અને ઝિંક જેવાં તવો અનાજમાંથી મળે, આનાથી કેન્સર અને હૃદયરોગ સામે રક્ષણ મળે છે.

અનાજ આખું સારૂ પાલિશ કરો તો આવાં તવો નાશ પામે. કઠોળમાં પ્રોટીન અને એન્ટિઓકિસડન્ટ તવો હોય છે.સોયાબીન સેથી સારૂ રાયડો, સરસવ અને તેલમાં સારા પ્રમાણમાં એન્ટિઓકિસડન્ટ હોય છે.

**મરી–મસાલા :** કાળાં મરી, લવિંગ, હળદરમાંથી એન્ટિઓકિસડન્ટ મળે.

રેસાયુકત આહાર સારા.

ટૂંકમાં આપણી ગુજરાતી થાળી રોટલી, દાળ–ભાત, શાક, કઠોળ , કચુંબર અને દહીં યા છાશ એ સમતોલ આહાર છે.

**શારીરિક સક્રિયતા :**

દિવસની ૩૦ મિનિટ કસરત કરવી

એરોબિક કસરત જેમ કે ચાલવું, જોગિંગ, તરવું, સાઈકલ ચલાવવી, કોઈ પણ રમત રમવી.

**સપ્રમાણ વજન**

બોડી માસ ઈન્ડેક્સ = **વજન (કિ.ગ્રા.)** (મીટરમાં ઊંચાઈ)

પુરૂષ માટે
૧૯ થી ૨૫
સ્ત્રી માટે
૧૮ થી ૨૨

પેટનો ઘેરાવો પુરૂષો ૯૦ સે.મી અને સ્ત્રીમાં ૮૨ સે.મી. કરતાં ઓછો.

વ્યસન–તણાવમુકિત

(૧) નિયમિત કસરત, ખોરાક, વ્યસનમુકિત (૨) સ્વજાગૃતિ (૩) સમય પાલન અને સમય સંચાલન (૪) મિત્રો અને કુટુંબીજનો સાથે વિચાર અને લાગણીનું આદાન–પ્રદાન (૫) વૈચારિક નવનિર્માણ અને હકારાત્મક વલણ (૬) સમસ્યાને વાજબીપણે હલ કરવાની ક્ષમતા કેળવવી (૭) હળવા (રિલેક્સ) થવાની પદ્ધતિ શીખો.

આપણું શરીર એક આધુનિક યંત્ર છે. આ યંત્રને સાચવવાથી તે સો વર્ષ સરસ રીતે ચાલી શકે છે. જો આ યંત્ર બરાબર ચાલતું રહે તો આપણે તંદુરસ્તી એટલે કે સ્વાસ્થ્યનો અનુભવ કરી શકીએ પણ તે યંત્રમાં કોઈખામી સર્જાય તો તે આપણને બીમારીના રૂપે પરેશાન કરી શકે છે. આપણા શરીરમાં ચોવીસ કલાક લાખો રાસાયણિક ક્રિયાઓ અવિરત ચાલ્યા કરે છે. આપણા શરીરમાં રોજ લાખોને કરોડો નવા કોષોનું સર્જન અને વિસર્જન થતું રહે છે. શરીરનાં બધા તંત્ર મનના નિયંત્રણમાં રહી કામ કરે છે.

જે વ્યકિત સ્વાસ્થ્યના નિયમોનું પાલન કરે છે તેને ભાગ્યે જ રોગ થાય છે. જો તેના શરીરમાં દાખલ થાય તો કવચિતજ બીમારી ઉત્પન્ન થાય છે કારણ કે તેનામાં સારી રોગપ્રતિકારકશકિહોય છે. રોગ થયા બાદ સાજા થવા માટે આપણે ઘણી મહેનત કરીએ તેના કરતાં તેનાથી મુકત રહેવા માટે યોગ્ય કરવું સારૂ.

ભૌતિક પ્રાપ્તિઓની વિપુલતા વચ્ચે આધુનિક માનવી જે અસલામતી, પીડા, એકલતા અને અજંપાથી પીડાય છે તેના માટે નૈતિક મૂલ્યો અને શાત સત્યમાં તેનો ઘટેલો વિાસ જવાબદાર છે. તેનું પુનઃસ્થાપન જ માનવીને બચાવી શકે છે.ખાલીપો, નિરર્થકતા, ચિંતાતુરતા, ઉદાસીનતા, ભાવશૂન્યતા, પુણ્યહાસ અથવા પરસ્પર વિસંવાદી મૂલ્યોનુંઆચરણ, જીવનની હેતુવિહીનતા અને દિશાહીનતા, નિરર્થક દોડ, ઉતાવળિયાપણું, અશાંતિ, સ્વાર્થ, સંવેદનહીનતા, જીવનની પીડાઓ અને માંદગીમાંથી ચમત્કારિક છુટકારો મેળવવાની દષ્ટિ આ બધા નબળાં આધ્યાત્મિક સ્વાસ્થ્યનાં લક્ષણોછે. આધ્યાત્મિક સ્વાસ્થ્ય માટેની અચૂક ચાવીઓ જેવી કે નિયમિત પ્રાર્થના, સત્સંગ, સાવિક વાંચન, યોગ, પ્રયાન, આત્મચિંતન, નિસ્વાર્થપ્રેમ, કરૂણા, સેવા, પ્રકૃતિસંગ, પ્રત્યક્ષીકરણ વગેરે.


અસાધ્ય રોગો માટે જો આપણે આપણા વિચારો, માન્યતાઓ અને વર્તણૂક બદલવાની વૃત્તિ રાખીએ તો રોગ નિવારી શકાય છે. આપણા માટે આપણું મન એક એવું હથિયાર છે કે જેને આપણી ઈચ્છા પ્રમાણે વાપરી શકાય. આપણી શકિતનો સ્ત્રોત હંમેશાં આપણી વર્તમાન ક્ષણમાં રહેલો છે.પ્રેમ એ હંમેશાં દરેક દર્દનો ઈલાજ છે. આપણી જાત પ્રત્યેનો પ્રેમ આપણા જીવનમાં ચમત્કારો સર્જી શકે છે.

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



બાળએકસપ્રેસ સંપાદક
( પ્રિન્સીપાલશ્રી : રવજીભાઈ કાચા સાહેબ )

## પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી
## જ્ઞાન ઝરણા



### શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

**(સ્કંધ અગિયારમો)**

૧. વૈરાગ્યમાં વિચાર કરવાથી આવે છે.

૨. જયારે સંસારનાં પ્રત્યેક વિષય તરફ વૈરાગ્ય આવે ત્યારે જાણજે કે ઈશ્વર પ્રત્યે ભકિતનો ઉદય થયો છે.

૩. દેવો આપણા શરીરથી એક ફલાંગ દૂર ઊભા રહે છે. આ શરીરમાંથી સતત દુર્ગંધ નીકળે છે.

૪. સંતની સ્મૃતિ તમને પાપ કરતાં અટકાવશે.

૫. યૌવનમાં મનુષ્ય પશુ જેવો થાય છે માટે કોઈ આધીન રહો.

૬. બહુ બોલશો નહીં. દિવસમાં કંઈ નહીં તો ત્રણ કલાક મૌન રાખો. વાણી અને પાણીનો જે દુરપયોગ કરે તે ઈશ્વરનો ગુન્હેગાર છે.

૭. અન્ય ધર્મો પ્રત્યે કુભાવ ન રાખવો.

૮. રોજ પ્રાર્થના કરો.

૯. શરીરની ઉત્પત્તિ જ કામમાંથી થયેલી છે તેથી કલિયુગમાં યોગમાર્ગ અને જ્ઞાનમાર્ગમાંથી ઈશ્વર પ્રાપ્તિ મુશ્કેલ છે. હરીકીર્તન સહેલો ઉપાય છે.

૧૦. સિધ્ધાંતો જાણે છે બધા, પણ જીવનમાં તો પુણ્યશાળી માણસો જ ઉતારી શકે છે.

## જ્ઞાનમંજરી

**ભારતનાં મહત્વનાં સ્થળો**

(૧) સમગ્ર જગત એક માળો બની રહો – આ મુદ્રાલેખ કંઈ સંસ્થાનો છે ? – શાંતિનિકેતન

(૨) ઈન્કિલાબ ઝિંદાબાદ સૂત્ર કોણે આપ્યુ છે. ? – સરદાર ભગતસિંહે

(૩) કઈ લડત દરમ્યાન ગુજરાતમાં "ગુજરાત વિદ્યાપીઠ" સ્થપાઈ ? – અસહકારની લડત

(૪) સ્વરાજ પક્ષની સ્થાપના કોણે કરી હતી ? – મોતીલાલ નેહરૂ અને ચિતરંજનદાસે.

(૫) કઈ સાલમાં ભારતમાં સાઈમન કમિશનનું આગમન થયું ? – ૧૯૨૭

(૬) ગાંધીજીએ કયા દિવસે સાબરમતીથી દાંડી તરફ કુચ આરંભી હતી ? – ૧૨ માર્ચ, ૧૯૩૦

(૭) ગાંધીજીએ કયા દિવસે દાંડીના કિનારે મીઠાના કાયદાનો સવિનય ભંગ કર્યો ? – ૬ એપ્રિલ, ૧૯૩૦

(૮) દાંડીકૂચમાં ગાંધીજીની સાથે તેમના કેટલા સ્વયંસેવકો જોડાયા હતા ? – ૭૮

(૯) ગાંધીજીએ કયા સ્થળની જેલમાં રહીને ૨૦ સપ્ટેમ્બર, ૧૯૩૨થી આમરણત ઉપવાસ જાહેર કર્યો હતો ? – પૂણે

(૧૦) 'પૂણે કરાર' (૧૯૩૨) કોની કોની વચ્ચે થતા હતા ? – ગાંધીજી અને દલિત વર્ગના નેતા ડો. આંબેડકર વચ્ચે

## ઝળહળ ઝાકળ

**લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા**

### રકત સંસ્કારની લીલા

રાજરાણી સોળ શણગાર સજી, સોનાની ઝારીમાં ગંગાજળ લઈ, હીરામોતી મઢયા કયારામાં રેડે અને તેમાં લસણ વાવ્યુ હોય તો, લસણની ગંધ આવે તેમ શામળે કહ્યું છે. આ વાત ન માનતા હોય, તેમણે એક પ્રયોગ કરી જોવો. ભૂંડને લાડ લડાવી, ઘરમાં લાવી ઉત્તમોત્તમ ભોજન જમાડો. સુગંધી જળ વડે નવડાવો. પોન્ડ્સ પાવડરનો છંટકાવ કરો. સ્પ્રે છાંટો, પછી તેને શેરીમાં છૂટુ મૂકો, પછી જુઓ એ કયાં જાય છે ?

માનવીને પણ સ્વભાવ નડે છે, શનિ–મંગળ નહીં ! ! સ્વભાવનું ઓસડ મેડીકલ સ્ટોરમાં ઉપલબ્ધ નથી.

## પ્રયોગ – ૪૯
## સૌરા ઊર્જા

હેતુ સૌરાઊર્જા વિશે સમજૂતી મેળવવી

સાધન બે રકાબી

પદાર્થ પાણી

રીત બંને રકાબીમાં થોડું થોડું પાણી ભરો. એક રકાબીને તેના સતત તડકો પડતો રહે તેવી જગ્યાએ રાખો બીજી રકાબીને પર સહેજ પણ તડકો ન પડે તેવી જગ્યાએ રાખો. આશરે ૪૫ મિનિટ સુધી બંને રકાબીઓ ને ત્યાં જ રહેવા દો. બંને રકાબીઓમાંનાં પાણીને વારાફરતી અડકો.


અવલોકન તડકામાં થવા માટે પાણી થોડું ગરમ થયેલું જણાય છે.


તારણ ગરમ થવા માટે પાણીને જરૂર ઊર્જા સુર્યમાંથી મળે છે. સૂર્યમાંથી મળતી ઊર્જા કહે છે.

**બેરોમીટર**

બેરોમીટર એટલે હવા ભારમાપક યંત્ર. એ વાતાવરણમાં થતા પલટાની નોંધ લે છે એને આધારે વાતાવરણ તોફાની રહેશે કે શાંત રહેશે એની આગાહી થઈ શકે છે. એને આધારે વરસાદની આગાહી પણ થઈ શકે છે.

## પ્રયોગની પાંખે
**વિજ્ઞાન નગરી**
**પ્રકાશક: શ્રી બળવત પારેખ**






# અદ્રશ્ય સબમરીન ભાગ – ૪

**સુજલની સાહસકથા**
**નલિન મહેતા**
**પ્રકાશક : ભદ્રા મહેતા**

ત્યાર બાદ મોન્ટુ મોશાય અમારી વિદાય લઈ ટેકરી પરથી ઉતરી જીપમાં રવાના થયો. કેપ્ટન નીનો અને બેન લિને સડસડાટ સીડી ઉપર ચડી અવકાશમાં મારી રાહ જોતા ઊભેલા જોઈ મેં પણ હિંમત કરી તેમનું અનુસરણ કર્યુ. અને ત્યારપછી બીજી તરફથી દેખાતા પાંચ છ પગથિયા નીચે ઉતર્યો. કેપ્ટને ચાંપ દાબી તે સાથે જ પ્રવેશદ્વાર બંધ થઈ ગયું.બહારથી બિલકુલ નજરે ના પડતી સબમરીનના ભીતરી ભાગમાં બધું સ્પષ્ટ દેખાતું હતું. માછલી આકારની તેની બનાવટમાં માથાથી પૂંછ સુધીના વળાંક જેવો એક પારદર્શક પેસેજ હતો, તેના ઉપલા ભાગમાં ચાર કેબિનો હતી. નીચલા ભાગમાં બંને છેડે સીડીઓ હતી અને વચમાં માછલીના પેટના આકારનો કાચનો ગોળો હતો."આ કાચનો ગોળો તમારા ધંધામાં ખૂબ ઉપયોગી નીવડે તેવો છે," કેપ્ટન નીનોએ અમે પ્રવેશદ્વારમાંથી અડધો ડઝન પગથિયા ઉતરી પેસેજમાં દાખલ થયા બાદ, બેન લિને એન્જિન રૂમમાં જવાનું ફરમાવી, મારી સાથે સબમરીનનું ચક્કર મારતાં જણાવ્યું. "પેસેજની મધ્યમાં દાખલ થવા માટેની પ્રવેશબારી છે. આ ગોળો ખાસ પ્રકારના મજબૂત કાચનો બનેલો છે. તેમાં તમે સોનું કે હથિયારો કે હેરોઈન વગેરે ભરી શકો છો."એ તો અમે ગમે તે જહાજમાં લઈ જઈ શકીએ." મેં કહ્યું.

"પરંતુ એમાં જે માલ લાદવામાં અને ઉતારવામાં જોખમ છે તે આ અદશ્ય સબમરીનમાં નથી. કારણ કે આસપાસ કોઈ નથી એની ખાત્રી કર્યા બાદ તમારૂ કામ તમે કરી શકો છો. અને તેમ છતાં કોઈ પેટ્રોલ બોટ આવી ચડે તો સહેલાઈથી તેનો નાશ કરી શકો છો, કારણ કે અંદરથી તમે તેને જોઈ શકો જયારે તે તમને જોઈ ના શકે."એ ખરૂ" હું બોલ્યો. અદશ્ય સબમરીનની વિનાશક શકિતનો અંદાજ આવતાં મને આપણા નૌકાદળની સલામતી વિષે ચિંતા થવા લાગી. જેને તમે દેખી ના શકો 'તેની સામે તમે યુદ્ધ કઈ રીતે કરી શકો ? "આ કાચનો ગોળાનો બીજો ઘરેલું ઉપયોગ પણ છે," એમ કહેતાં કેપ્ટન મને પાછો પેસેજના અગ્રભાગ પર લઈ આવ્યા, અને ત્યાંથી પગથિયાં ઉતરી અમે એક ભડંકિયામાં પ્રવેશ કર્યો. તેમાં એક સ્વીચબોર્ડ હતું જેમાં કેટલીક સ્વીચો ઉપરાંત એક રેગ્યુલેટર હતું. રેગ્યુલેટરના કાંટાને સ્લો સ્પીડ ઉપર મૂકી કેપ્ટને એક નંબરની સ્વીચ ઓન કરી. તે સાથે જ પારદર્શક કાચના ગોળાની સામી બાજુએ નીચે આવેલ એક ઢાંકણું ખુલ્યું અને સમુદ્રનું પાણી ગોળામાં દાખલ થતું જણાયું.કેપ્ટને બે નંબરની સ્વીચ ઓન કરતાં જળપ્રવાહ અંદર આવતો અટકી ગયો અને ગોળામાંનું પાણી બાકોરા વાટે બહાર નીકળવા લાગ્યું. થોડી વાર પછી કેપ્ટને ત્રણ નંબરની સ્વીચ દબાવી તે સાથે જ ગોળાની સામેના ભાગમાં આવેલું બાકોરાનું ઢાંકણું વસાઈ જતું દેખાયું."જયારે કોઈ સ્થળે રોકાણ કરવાનું હોય ત્યારે આનાથી ઈંધણની સારી એવી બચત થઈ શકે છે," નીનોએ સીડી ચડતાં ખુલાસો કર્યો : "સબમરીનનું એન્જિન બંધ કરી કાચના ગોળામાં પાણી ભરો એટલે લિફટની માફક સમુદ્રની તળેટીમાં ઉતરીને સ્થિર થઈ ઊભી રહે."આઠ પગથિયાં ચડી હું પણ પેસેજમાં આવ્યો. મારી ડાબી બાજુ અમે જયાંથી સબમરીનમાં દાખલ થયેલા તે પ્રવેશદ્વાર તરફ જતાં છ પગથિયાં હતા. જમણી બાજુએ જતા માર્ગમાં સામેથી આવતો બેન લિ મળ્યો. "એન્જિન ચાલુ કરી, માયાબંદરની પાછળ આવેલ ખાડીમાં જઈ સબમરીન આપોઆપ ઊભુ રહી જશે," કેપ્ટન તે બોલ્યો.

# ઉપયોગી વનસ્પતી વાંસ



બાળકો, શું તમે કયારેય ઊંચા અને પાતળા વાંસના ઝાડ જોયા છે ? વાંસનું ઝાડ કુદરતની એક અનોખી ભેટ છે. તે માત્ર સુંદર જ નથી, પણ ઘણા કામની વસ્તુ છે. આવો આજે આપણે વાંસ વિશે રસપ્રદ માહિતી જાણીએ !

વાંસ એક પ્રકારનું ઘાસ છે, પણ સામાન્ય કરતાં ઘણી ઊંચુ અને મજબૂત હોય છે. કેટલીક જાતિના વાંસ ૧૦૦ ફૂટ જેટલા ઊંચા થઈ શકે છે ! એ પાણી અને ધરતીમાં ઊંડા મૂળ સાથે ઝડપથી ઉગે છે.

વાંસનો ઉપયોગ ઘણા કામોમાં થાય છે. મકાન બનાવવામાં–બિલ્ડીંગ માટે થાંભલા, છાપરા અને લાકડાની જગ્યાએ વાંસનો ઉપયોગ થાય છે. ફર્નિચર–વાંસમાંથી ખુરશી, ટેબલ, બાલખંડા વગેરે બનાવાય છે. સંગીત સાધનો વાંસથી વાંસળી, મૌખિક વાદ્ય વગેરે બનાવાય છે. ખાવામાં કેટલીક જગ્યાએ વાંસના નરમ અંકુરનો ઉપયોગ શાક તરીકે થાય છે. તેમાંથી બનતા અથાણાં પણ સ્વાદિષ્ટ હોય છે. બાળકો માટે બનાવવામાં આવતા કેટલાક રમકડા પણ વાંસમાંથી બને છે.

વાંસ દુનિયાની સૌથી ઝડપથી વધતી વનસ્પતિઓમાંનુ એક છે. કયારેક તો એક જ દિવસે ૧ મીટર જેટલો ઉગે છે ! વાંસ ખૂબ ઓકિસજન આપે છે અને કાર્બન ડાયોકસાઈડ શોષી લે છે, એટલે આ વાતાવરણ માટે ખૂબ જ લાભદાયી છે. વાંસ હળવો હોવા છતાં ખૂબ મજબૂત હોય છે, એટલા માટે તેનું ઘણા કામોમાં વપરાશ થાય છે. પાંડા નામના પ્રાણીનો મનપસંદ ખોરાક વાંસ છે ! વાંસનો ઉલ્લેખ પ્રાચીન વાર્તાઓ અને કાવ્યોમાં પણ થાય છે. ઘણા લોકો વાંસને શુભ માનતા હોય છે.

**મોકલનાર : તળશીભાઈ મો. પટેલ**

# જોવા ગમે એવા રૂપકડાં પાંડા


લાલ પાંડા મૂળ રીંછની પ્રજાતિના છે. આમ જોવા જઈએ તો લાલ પાંડાની બે પ્રજાતિઓ છે. પહેલી પ્રજાતિ લાલ પાંડા અને બીજી પ્રજાતિ ચાઈનીઝ પાંડા કહેવામાં આવે છે. દુનિયાનાં પ્રેમાળ પ્રાણીઓમાં રેડ પાંડાનો સમાવેશ થાય છે. બિલાડી જેવો ગોળ ચહેરો અને મોટી આંખો હોવાને કારણે તેને રેડ કેટ બીયર કહેવામાં આવે છે. તેને ચાર પગ હોવા છતાં તે બે પગે ચાલી અને ઊભા રહી શકે છે.

મોટાભાગના લાલ પાંડા માસાંહારી હોય છે, પરંતુ તેઓ વાંસ અને મશરૂમ ઉપરાંત શાક પણ ખાય છે. લાલ પાંડા મૌન રહેવાનું પસંદ કરે છે. લાલ પાંડા સામાન્ય રીતે પૂર્વ હિમાલય ક્ષેત્રમાં જોવા મળે છે. પાંડા રાતના સમયે શિકાર કરવાનું પસંદ કરે છે. કયારેક સવારના સમયે પણ તેઓ શિકાર કરતા જોવા મળે છે. તેને એકાંતમાં રહેવાનું વધારે ગમે છે. તેઓ ઝાડ પર ચડવાનું અને લટકવા જેવી કલાબાજી કરે છે. તેમનું મોટા ભાગનું જીવન વૃક્ષ પર પસાર થાય છે. તે ઘણી વખત ઝાડ પર સૂઈ જાય છે.

લાલ પાંડા ૧૦ થી ૧૫ વર્ષ સુધી જીવિત રહે છે. પ્રાણીસંગ્રહાલયમાં તેમનું આયુષ્ય વધી જાય છે. લાલ પાંડા નેપાળ, ભુતાન, દક્ષિણ ચીન અને મ્યાનમારના ઉત્તર પર્વતીય ક્ષેત્રમાં જોવા મળે છે.

હાલમાં વિમાં લગભગ ૧૪,૫૦૦ જ લાલ પાંડા વધ્યા છે. એમાં આશરે પાંચ હજાર જેટલા લાલ પાંડા ભારતનાં ચાર રાજયો અરૂણાચલપ્રદેશ, મેઘાલય, સિક્કિમ અને પશ્ચિમ, બંગાળમાં છે. બાકીના રેડ પાંડાની આબાદી ચીનમાં અને નેપાળમાં છે.શિકારી પ્રાણીઓથી બચવા માટે તેઓ અજીબોગરીબ રીત અપનાવે છે. તેમની પાસે ગજબની ડિફેન્સ મિકેનિઝમ હોય છે. જયારે ભય દેખાય ત્યારે તેઓ પાછળના બે પગે ઊભા થઈ જાય છે, જેથી શિકારીને મોટા દેખાઈ શકે, રેડ પાંડા શિકારી પ્રાણીઓથી બચવા મોટે મોટેથી અવાજ કાઢે છે.


# આ મારું ચિત્ર છે




કિર્તન જીતેન્દ્રભા
(ધોરણ–૭, મોટા માંડવડા પ્રા.શાળા )



બગડા તૃપ્તી
(ધોરણ–૭, મોટા માંડવડા પ્રા. શાળા)



દેવાણીયાગ્રંથ મુકેશભા
(ધોરણ–૮,રૂપાયતન સ્કૂલ – અમરેલી)



શાકલ્પેશભામાંડલિયા
(ધોરણ–૮, રૂપાયતન સ્કૂલ – અમરેલી)

### રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત

# અમરેલી જિલ્લાનાં આંગણવાડીએ જતાં બાળકોની આરોગ્ય ચકાસણી શરૂ

## બીમારી જણાય તો હાયર સેન્ટર ઉપર મોકલાશે

અમરેલી, તા. ૧૮

રાષ્ટ્રીય બાળ સ્વાથ્ય કાર્યક્રમ (RBSK) અંતર્ગત અમરેલી જિલ્લામાં વર્ષમાં બે વખત શાળાના બાળકોની તપાસણી કરવામાં આવે છે. જેમાં આ બાળકોની 4D સ્કીનીંગ (જન્મજાત ખોડખાપણ, આરોગ્યને લગતી ઉણપો, બાળપણના રોગો, વિકાસમાં વિલંબ અને અપંગતા)ની તપાસ કરવામાં આવે છે અને 4D સ્કીનીંગ દરમિયાન જો કોઈ બાળકને કોઈ બિમારી જણાય તો તેની આગળની સારવાર માટે હાયર સેન્ટર ઉપર મોકલવાની કાર્યવાહી કરવામાં આવે છે.

હાલમાં અમરેલી જિલ્લમાં ૦ થી ૬ વર્ષ સુધીના આંગણવાડીએ જતા બાળકો કુલ ૯૬૯૮૫ અને ૬ થી ૧૮ વર્ષના શાળાએ જતા કુલ ૨૦૯૬૧૦ બાળકો છે. આ સ્કીનીંગ ડ્રાઈવ અંતર્ગત જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડયા દ્વારા કુલ ૧૧ ટીમો બનાવવામાં આવી હતી, જે ટીમો દરેક જુદાજુદા તાલુકાઓમાં જઈએ આરોગ્યની (RBSK) અંતર્ગત ૩૩ ટીમોની કામગીરીનું મૂલ્યાંકન કર્યુ અને કામગીરી સુદ્રઢ રીતે થાય છે કે કેમ ? તેની તપાસ કરી હતી. જિલ્લાના તમામ બાળકોને આરોગ્યની સેવાઓ મળી રહે અને કોઈપણ બાળક આરોગ્ય તપાસણીથી વંચિત ના રહી જાય તેવી રીતે કામગીરી સતત ચાલુ રહેશે તેવું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ. જોષીની યાદિમાં જણાવે છે.

### પ્રકૃતિનુ જતન કરવાની નેમ સાથે

# ચિતલ–જશવંતગઢ–ટીંબા વિસ્તારમાં રવિવારે ૭ હજાર વૃક્ષોનુ થશે વાવેતર

## સદ્‌ભાવના વૃધ્ધાશ્રમ અને ગ્રામ પંચાયતનુ આયોજન

ચિતલ, તા. ૧૮

સદ્‌ભાવના વૃધ્ધાશ્રમ રાજકોટ તેમજ જસવંતગઢ–ટીંબા ગ્રામ પંચાયતના સંયુકત ઉપક્રમે આગામી તા. ૨૦/૭/૨૫ને રવિવારના રોજ સવારે ૯:૦૦ કલાકે જસવંતગઢ ગ્રામ પંચાયતની સમગ્ર ટીમ દ્વારા સવારે આશરે ૭૦૦૦ વૃક્ષોનુ વૃક્ષારોપણ ઈફકોના તથા એન.એસ.યુ.આઈ.ના ચેરમેન દિલીપ સંઘાણીના વરદ્‌હસ્તે શરૂ કરાશે. જેમાં વિષે ઉપસ્થિતિ નારણભાઈ કાછડીયા (પૂર્વ સાસંદ) તેમજ અમર ડેરીના ચેરમેન અશ્વીનભાઈ સાવલિયા સહીતના મહાનુભાવો તેમજ ચિતલ તથા જસવંતગઢના સામાજીક આગેવાનો હાજર રહેશે તો પ્રકૃતિનુ જતન કરવાના આ કાર્યક્રમમાં ઉમદા હેતુ થકી દરેક ગ્રામજનો નાગરિકો હરિકૃષ્ણ સરોવર મહાદેવ જીન પાસે પધારવા મિત્ર સર્કલ સહીત પધારવા માટે જસવંતગઢ ટીમ વતી અશોક માંગરોળીયાએ વિનંતી સાથે હાજર રહેવા અનુરોધ કર્યો છે.

### જિલ્લાના માર્ગ અને મકાન–પંચાયત હેઠળના

# અમરેલી જિલ્લામાં રૂા.૧૨૨ કરોડના ખર્ચે ૨ મેજર અને ૨૪ માઈનોર બ્રીજ સહિતના કામ મંજૂર

## દોલતી–ભમ્મર–વીજપડી અને ઉંટીયા–ગાંજાવદર રોડ પર મેજર બ્રીજ બનાવવામાં આવશે

અમરેલી, તા.૧૮

ભારે વરસાદથી અસર ગ્રસ્ત બનેલા રોડ રસ્તાની મરામતની કામગીરી માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ચોક્કસ દિશા નિર્દેશો આપ્યા છે. આ સાથે વિકાસના નવીન કામોને વેગ આપવામાં આવી રહ્યો છે.

અમરેલી જિલ્લામાં રૂ.૧૨૨ કરોડના ખર્ચે થનાર કામોમાં ૨ મેજર અને ૨૪ માઈનોર બ્રીજ ઉપરાંત અન્ય ૩૯ નાના કામોમાં કોઝ–વે, કલવર્ટ સહિતના કામોને મંજૂર કરવામાં આવ્યાં છે.

દોલતી,ભમ્મર, વીજપડી અને ઉંટીયા– ગાંજાવદરરોડ પર મેજર બ્રિજ બનાવવામાં આવશે. આ ઉપરાંત રાજુલા–ઝાંપોદર–વાજડી, લીલીયા–પૂંજાપાદર–આંબા– ભેંસવડી, જીરા–નાના ભમોદ્રા, ઘોબા– નાના ભમોદ્રા, ઠાંસા–મૂળિયાપાટ–સુવાગઢ સહિતના રોડ ઉપર ૨૪ માઈનોર બ્રીજ મંજૂર કરવામાં આવ્યા છે. આમ, મેજર તથા માઈનોર બ્રીજ, કોઝ–વે, કલવર્ટ સહિતના કામોના નિર્માણથી પરિવહન સરળ બનશે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૦૫ | ૫૦૭ |
| ૨ | ચણા | ૧૧૩૫ | ૧૧૩૫ |
| ૩ | તલ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૪ | દાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૫ | ધાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૬ | મગ | ૧૪૦૧ | ૧૪૦૧ |
| ૭ | સોયાબીન | ૭૭૪ | ૭૭૪ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૮૨ | ૧૦૮૬ |
| ૨ | શિંગ મોટી | ૮૨૫ | ૧૧૫૧ |
| ૩ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૪૬૬ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૫૬ | ૧૫૪૦ |
| ૫ | તલ સફેદ | ૧૦૫૦ | ૨૦૫૦ |
| ૬ | તલ કાળા | ૨૬૦૦ | ૩૮૯૯ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૨૫૦ | ૨૨૫૦ |
| ૮ | બાજરો | ૩૩૧ | ૬૦૧ |
| ૯ | જુવાર | ૩૫૦ | ૭૦૧ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૭૮ |
| ૧૧ | ઘઉં લોકવન | ૨૫૦ | ૫૫૮ |
| ૧૨ | મકાઈ | ૧૨૧૨ | ૩૨૪ |
| ૧૩ | મગ | ૮૦૦ | ૧૬૫૧ |
| ૧૪ | અડદ | ૧૦૮૬ | ૧૧૮૨ |
| ૧૫ | ચણા | ૧૨૦૩ | ૧૧૭૦ |
| ૧૬ | સફેદ ચણા | ૭૦૦ | ૧૨૪૦ |
| ૧૭ | છોલે ચણા | ૯૫૫ | ૧૨૦૦ |
| ૧૮ | તુવેર | ૮ | ૧૨૮૮ |
| ૧૯ | વાલ | ૦૦ | ૮૦૦ |
| ૨૦ | કપાસ | ૯૬૦ | ૧૬૯૦ |
| ૨૧ | એરંડા | ૧૦૦ | ૧૨૮૯ |
| ૨૨ | જીરૂ | ૨૯૬૦ | ૩૭૦૧ |
| ૨૩ | ધાણી | ૧૦૦૦ | ૧૩૭૬ |
| ૨૪ | મેથી | ૫૦૦ | ૯૦૦ |
| ૨૫ | સોયાબીન | ૬૪૦ | ૮૧૩ |
|  | કાંગ | ૩૪૫ | ૪૬૦ |

### પાના ૧ ઉપરનું ચાલું સાવકુંડલાનાં કથાકાર રાજુગિરી

પાના ૧ ઉપરનું ચાલું

નિવેદન કર્યુ હતું કે, ''બ્રાહ્મણો ધાર્મિક વિધિના નામે ઉંધા ચશ્મા પહેરાવે છે અને ખોટી વિધિઓ કરાવે છે.'' આ કૃત્ય તેમનો ઈરાદાપૂર્વકનો અપમાનજનક હેતુ અને ધાર્મિક માન્યતાઓના અપમાનનું સ્પષ્ટપણે સૂચવે છે. સનાતન ધર્મના રક્ષક મુકેશભાઈ ત્રિવેદીએ વધુમાં જણાવ્યું હતું કે, બ્રાહ્મણો હંમેશા ધર્મની રક્ષા કરનારો અને સનાતન ધર્મને ટકાવી રાખવાનું કામ કરનારો વર્ગ છે. તેઓ વેદ, ઉપનિષદ અને ઋષિમુનિઓ દ્વારા નિર્ધારિત નિયમો તેમજ ગ્રંથોમાં દર્શાવ્યા મુજબ જ ધાર્મિક વિધિઓ કરાવે છે. તેઓ કોઈને ખોટી માન્યતાઓ હેઠળ ઉંધા ચશ્મા પહેરાવતા નથી કે ખોટી વિધિઓ કરાવતા નથી. આ આરોપી જાહેર મંચ પરથી વારંવાર કોઈ પણ જ્ઞાતિ વિશે ખરાબ, અપમાનજનક અને ઉશ્કેરણીજનક શબ્દોનો પ્રયોગ કરતા રહ્યા છે. આરોપી દ્વારા સમસ્ત બ્રહ્મ સમાજનું અપમાન કરવા, ધાર્મિક માન્યતાઓને ઠેસ પહોંચાડવા અને ધાર્મિક લાગણીઓને દુભાવવાના હેતુથી ઉચ્ચારણ કરવા બદલ તેમની વિરૂધ્ધ તાત્કાલિક અસરથી ફરિયાદ દાખલ કરી કાનૂની રાહે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

### પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં જેશીંગપરાનાં રહેવાસીઓ

ચરમસીમાએ પહોંચતા સાંજના સમયે ગાવડકા રોડ ઉપર ચક્કાજામ કરી દેતા અફડા તફડી મચી જવા પામેલ હતી. ત્યારે વહીવટી તંત્ર તથા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. અને બે કલાકની સમજાવટ બાદ આખરે મામલો થાળે પડ્યો હતો.આ બનાવમાં સ્થાનિક લોકોમાંથી જાણવા મળતી વિગત મુજબ અમરેલીના જેશીંગપરાથી ગાવડકા ગામ તરફ જતાં ફોરટ્રેક રોડ ઉપર લાંબા સમયથી સીસીરોડ બનાવવાની કામગીરી ચાલતી હોય જેથી રાધેશ્યામ ચોકડીથી લઈ આ આખો એક તરફનો ટ્રેક બંધ છે. જેને લઈ એક ટ્રેક ઉપર ટ્રાફિક ચાલતો હતો. ત્યારે છેલ્લા થોડા દિવસથી અમરેલી બાયપાસ રોડ ઉપર આવેલ એક પુલ બંધ થતાં બાયપાસ ઉપરથી પસાર થતાં ભારે વાહનો પણ અમરેલી શહેર તથા જેશીંગપરામાંથી પસાર થતાં હોય, ત્યારે લોકોમાં સતત અકસ્માતનો ભય રહેતો હોય, ત્યારે અમરેલીના જેશીંગપરાના લોકોનો રોષ ચરમસીમાએ પહોંચતા સાંજના સમયે ગાવડકા રોડ ઉપર ચક્કાજામ કરી દેતા અફડા તફડી મચી જવા પામીહતી.આખરે પોલીસ તથા વહીવટી તંત્ર દ્વારા યોગ્ય કરવાની ખાત્રી મળતાં લોકોએ માર્ગ ખુલ્લો કર્યો હતો.

### પાના ૮ ઉપરનું ચાલું આરોપીને ૨૫ વર્ષની સખ્ત કેદ

અંગેનો કેસ ધારીની સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં આરોપીને ૨૫ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૫,૩૫,૦૦૦ના દંડની સજા તથા ભોગ બનનારને રૂપિયા ૫ લાખ વળતર ચુકવવા આદેશ કર્યો હતો.

ખાંભા તાલુકાના એક ગામે રહેતી એક ૧૫ વર્ષની તરૂણીને ખાંભા તાલુકાના ભુંડણી ગામે રહેતા આરોપી દીનેશભાઈ ભીખાભાઈ રાઠોડ નામનો ૩૬ વર્ષિય શખ્સ અપહરણ કરી લઈ ગયેલ હતો. આરોપી ભોગ બનનાર તરૂણીના ઘરે અવાર નવાર આવતો હોય. તે ભોગ બનનારને ભોળવીને તારીખ ૧૭/૩/૨૩ ના પોતાની સાથે તેની ફોર વ્હીલ ગાડીમાં બેસાડી તેણે ભાગીયુ રાખેલ વાડી ખેતરમાં લઈ ગયેલ હતો. ત્યાં જમીનમાં ખાડામાં એક મકાન જેવી ઓરડી બનાવેલ હોય તેમાં બે દિવસ રાખેલ અને બાદ ત્રીજા દિવસે વરસાદ આવતા બાજુમાં એક ધાબાવાળુ મકાન આવેલ હોય ત્યાં લઈ ગયેલ હતો અને ત્યાં તેણીને રાખેલ હતી. આ સમયગાળા દરમ્યાન આરોપીએ ભોગ બનનાર તરૂણીની મરજી ન હોવા છતાં તેણી સાથે ત્રણ ચાર વખત શરીર સંબંધ બાંધેલ અને બાદમાં આરોપીને પોલીસ શોધે છે તેવી જાણ થતા જ ભોગ બનનાર તરૂણીને નાગેશ્રી પોલીસ સ્ટેશન નજીક આવેલ પુલ પાસે મુકીને જતો રહેલ હતો.

આ બનાવમાં આરોપી સામે ઈ. પી. કો. કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે) (એન), ૩૭૬(૩) તથા ગંભીર પ્રવેશ જાતીય હુમલો કરી, ગુનો કરવાનો પ્રયાસ કરી, સગીર સામેના જાતીય ગુનાઓ આચરી આરોપીનાએ જાતિય ગુન્હાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૪, ૬ અને ૧૮ મુજબનો ગુન્હો આચરેલ હોવાની વિગતવારની ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગેનો કેસ ધારીના સ્પે. પોકસો કોર્ટ અને ત્રીજા એડી. સેશન્સ કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ વિકાસ વડેરાની દલીલ માન્ય રાખી સ્પે. જજ એમ.એન. શેખ દ્વારા આરોપી દીનેશભાઈ ભીખાભાઈ રાઠોડને ઈ.પી.કો. કલમ–૩૭૬ (૨) (જે) (એન),૨૦૧ પોકસો એકટની કલમ–૪ અને ૬ મુજબના સજાપાત્ર ગુનાદોષીત ઠરાવવામા આવેલ હતો. ઉપરોકત આરોપીને ઈ.પી.કો. ૩૬૬ની કલમ અન્વયે આરોપીને ૭ સાત વરસની સખત કેદની સજા તથા રૂપિયા ૨૫,૦૦૦ દંડ તથા પોકસો એકટની કલમ ૬ અન્વયે ૨૫ વરસની સખત જેલની સજા તથા રૂપિયા ૫,૦૦,૦૦૦નો દંડ તથા ઈ.પી.કો. ની કલમ ૨૦૧ અન્વયે આરોપીને ૩ (ત્રણ) વરસની સખત જેલની સજા તથા રૂા. ૧૦,૦૦૦ દંડ કરવામા આવેલ હતો.

આ ઉપરાંત ધી ગુજરાત વીકટીમ કંમ્પેનસેશન સ્કીમ ૨૦૧૯ સાથે ધી પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફોર્મ સેકસ્યુઅલ ઓફેન્સ રૂલ્સ ૨૦૨૦ના નિયમ–૯(૨) મુજબ રૂપિયા ૫,૦૦,૦૦૦ (અંકે રૂપીયા પાંચ લાખ પુરા) વચગાળાના વળતર સહિત ભોગ બનનાર તરૂણીને ચુકવવા હુકમ કરવામાં આવેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૮૬ | ૧૭૦૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૭૦ | ૧૫૬૦ |
| ૩ | મગફળી | ૧૦૩૦ | ૧૦૯૦ |
| ૪ | જીરૂ | ૨૯૧૫ | ૩૫૯૫ |
| ૫ | તલ સફેદ | ૧૫૮૦ | ૧૯૦૦ |
| ૬ | ઘઉં | ૪૭૦ | ૫૧૦ |
| ૭ | મગ | ૧૨૨૦ | ૧૪૬૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૮૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૩૦ | ૧૧૩૦ |
| ૩ | શીંગ ઉનાળુ | ૧૦૦૦ | ૧૦૨૫ |
| ૪ | શીંગ દાણા | ૧૨૦૦ | ૧૪૦૫ |
| ૫ | તલ સફેદ | ૧૩૫૦ | ૧૮૫૧ |
| ૬ | તલ કાળા | ૩૪૦૦ | ૩૯૫૫ |
| ૭ | જીરૂ | ૩૪૦૦ | ૩૭૮૨ |
| ૮ | કપાસ | ૧૫૫૦ | ૧૭૦૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૨૫ | ૫૧૬ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૬૦ |
| ૧૧ | બાજરો | ૩૩૦ | ૪૫૧ |
| ૧૨ | જુવાર | ૫૫૦ | ૭૬૭ |
| ૧૩ | મગ | ૧૧૦૦ | ૧૪૫૧ |
| ૧૪ | ચણા | ૧૧૧૦ | ૧૨૧૪ |
| ૧૫ | તુવેર | ૧૦૦૦ | ૧૩૧૫ |
| ૧૬ | સોયાબીન | ૭૦૦ | ૭૮૬ |

# ગરણેશ્વર મહાદેવના સન્મુખ મયુરનૃત્ય કરતા મોરપક્ષી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા તાલુકાના ગરણી ગામે આવેલ અતિ પૌરાણિક અને સ્વયંભુ શિવાલય ગરણેશ્વર મહાદેવના સન્મખુ મોરપક્ષી આજે સવારે મયુરનૃત્ય કરતા અહીં મંદિરના પૂજારીને ધ્યાને આવતા હતા. અહીં ગરણી મુકામે મહાદેવના મંદિરમાં હજારોની સંખ્યામાં મોરપક્ષીનું રહેઠાણ છે મોરના ટહુકાથી વાતાવરણ ગુંજી ઉઠે છે. હાલ લગભગ ગ્રામ્ય વિસ્તારોમાં કે શહેર વિસ્તારમાં સવાર સાંજ મોરના ટહુકાવાળા યંત્ર મુકવામાં આવ્યા છે પણ અહીં ગરણી મુકામે મહાદેવના મંદિરમાં હજારોની સંખ્યામાં એકિસાથે મોરપક્ષીઓનો મીઠો મધુર ટહુકો મંદિરે આવતા ભાવિકો અને ગામમાં લોકો સવાર સાંજ સાંભળી પોતાના કાન પવિત્ર થયા હોય તેવી લાગણી અનુભવી રહ્યા છે.

પાના ૮ ઉપરનું ચાલું

### મોટા બારમણમાં પાણી ભરેલ

મોટા બારમણ ગામના ઉપસરપંચ દેવશીભાઈએ જણાવ્યું હતું કે, આ પાણીની ટાંકી અંદાજિત ૨૦ થી ૨૫ વર્ષ પહેલા બનાવવામાં આવી હતી અને આ પાણીની ટાંકીમાંથી સાત જેટલા ગામોને પાણીનું વિતરણ કરવામાં આવતું હતું. પરંતુ આ ટાંકી બનાવ્યા બાદ કોઈ પ્રકારની મરામત કરવામાં આવી નથી અને જો મરામત કરવામાં આવી હોત તો આવી દુર્ઘટના ન ઘટે અને આ ટાંકાની આજ દિન સુધીમાં કોઈપણ પ્રકારની પાણી પુરવઠા વિભાગે મરામત કરવામાં આવતી નથી એવા ઉપસરપંચ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું

### અમરેલીનાં એસ.ટી. કર્મચારીને

આવેલ ડયુટી લીસ્ટ ઓફીસમાં રજુઆત કરવા ગયેલા હતાં. જેથી આરોપીએ યુવકને કહેલ કે બહુ લેકચર નહીં આપ અને મારી ઓફીસમાંથી બહાર નીકળ તેમ કહી યુવકને જ્ઞાતી પ્રત્યે હડધુત કરતા અને બિભત્સ ગાળો આપેલ. જેથી આરોપીને ગાળો આપવાની ના પાડતા આરોપીએ યુવકને ગુપ્તભાગે ત્રણ ચાર પાટા મારી અને યુવકને કહેલ કે એસ.ટી. ડેપોમાં નજરે ચડતો નહીં નહિતર જાનથી મારી નાખીશ. તેમ મારી નાખવાની ધમકી આપ્યાની યુવકે પોલીસમાં ફરિયાદ નોંધાવેલ છે.

## :: જાહેર હરરાજી અંગેની નિવિદા ::

આથી જાહેર હરરાજીથી ઈમલો લેવામાં રસ ધરાવતા લોકોને આ જાહેર નિવિદાથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના લીલીયા ગામે ગ્રામપંચાયત કચેરી–લીલીયા દ્વારા નીચે જણાવેલ વિગત મુજબની અસ્કયામતના ઈમલાની જાહેર હરરાજી નીચે દર્શાવ્યા મુજબના સ્થળે, નિયત તારીખ અને સમયે કરવામાં આવશે, જેની જાહેર હરરાજીમાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ સ્થળ ઉપર સમયસર હાજર રહેવા જાણ કરવામાં આવે છે.

| ક્રમ | અસ્કયામત અને ઈમલાની વિગત | જાહેર હરરાજીની તારીખ | જાહેર હરરાજીનો સમય | નક્કી થયેલ અપસેટ કિંમત | જાહેર હરરાજીનું સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | કાળુભાઈ મોહનભાઈ ધંધુકીયાનું મકાન સર્વે નં.૪ પૈકી પ્લોટ નં.૩૩ | ૩૦/૦૭/૨૦૨૫ | ૧૧:૦૦ | ૪૬૦૪૬૮/– ઈમલાની કીંમત ૧૧૧૦૧૫૦/– પ્લોટની કિંમત કુલ કિંમત–૧૫૭૦૬૧૮ | કાળુભાઈ મોહનભાઈ ધંધુકીયાનું મકાન કીકાણી પ્લોટ લીલીયા મોટા |

જાહેર હરરાજીની શરતો, બોલીઓ, નિયમો વિગેરે સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે તથા ઉપરોકત અસ્કયામતના ઈમલાની જાહેર હરરાજીમાં નિર્ણય કરવાની આખરી સત્તા તથા નિયમોમાં ફેરફાર વિગેરે કરવાનો અબાધિત અધિકાર નીચે સહી કરનારાઓની રહેશે.

તલાટી કમ મંત્રી
લીલીયામોટા ગ્રામ પંચાયત

સરપંચ
ગ્રામ પંચાયત લીલીયા મોટા

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૮૩ | ૫૧૦ |
| ૨ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૧૨ |
| ૩ | ચણા | ૮૯૦ | ૧૧૩૦ |
| ૪ | તલ સફેદ | ૧૧૯૦ | ૧૧૯૦ |
| ૫ | સોયાબીન | ૭૬૦ | ૭૮૮ |
| ૬ | મેથી | ૬૩૫ | ૬૩૫ |
| ૭ | કાંગ | ૨૭૫ | ૨૭૫ |
| ૮ | ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૯ | રાય | ૯૫૦ | ૯૫૦ |
| ૧૦ | જીરૂ | ૩૪૫૦ | ૩૪૫૦ |
| ૧૧ | મગ | ૧૧૫૦ | ૧૫૨૫ |
| ૧૨ | વાલ | ૫૦૦ | ૫૦૦ |
| ૧૩ | અડદ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૧૪ | બાજરો | ૨૧૦ | ૪૦૧ |
| ૧૫ | તુવેર | ૧૧૪૦ | ૧૧૪૦ |

### પાના ૧ ઉપરનું ચાલું સાવકુંડલાનાં સીમરણ ગામેથી

ગીરના શાન ગણાતા એશિયાટિક સિંહના નખ મળતા વનવિભાગ દ્વારા તપાસ ધમધમાટ શરૂ કરાયો હતો. સીમરણ ગામેથી ઝડપાયેલા આરોપીએ સિંહનો શિકાર કરાયો કે શું તે અંગે વનવિભાગની તપાસ શરૂ થઈ છે વાલજી વાસુરભાર માંતગ નામના આરોપીને વનવિભાગે ઝડપી પાડયો હતો ને વનવિભાગ દ્વારા આ સિંહોના ૨ નખ કયાંથી આવ્યા કેમ આવ્યા વગેરે મુદે તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો હતો. પૂર્વ બાતમીને આધારે સાવરકુંડલા વનવિભાગને દરોડા પાડતા સફળતા મળી હતી ને ઝડપાયેલા આરોપી વાલજી વાસુર માતંગને ઝડપીને જીણવટ ભરી તપાસ વનવિભાગે શરૂ કરી દીધી છે.

સિંહોની સુરક્ષામાં હંમેશા વનવિભાગ સાબદું રહે છે પણ આ જે સિંહના નખ છે કે દીપડાને તે અંગે એફ.એસ.એલ. કરીને તપાસ કરવામાં આવશે જયારે જૂનવાણી ૨૦ વર્ષ જૂનું આ કાળિયાર હરણનું ચામડું હોવાની વિગતો વનવિભાગે આરોપી વાલજી વાસુર માતંગ પાસેથી ઓકાવી છે જયારે સિંહના નખ કયાંથી આવ્યા કેમ શિકાર અગાઉ થયો કે કેમ તે તમામ મુદ્દે આરોપીના કોર્ટમાં રીમાન્ડ મેળવીને તપાસનો દોર વનવિભાગે આગળ ધપાવ્યો છે.

## અવસાન નોંધ

**રાજુલા :** મોટા ખુંટવડા નિવાસી (હાલ રાજુલા) વસંતપરી નારણપરી ગોસ્વામી ઉ.વ ૬૯ તા. ૧૭/૭/૨૦૨૫ને ગુરૂવારના રોજ કૈલાસવાસ થયેલ છે તે જગદીશપરી નારણપરી, જયેન્દ્રપરી, કિશોરપરીના મોટાભાઈ તેમજ કમલેશપરી, મનીષપરીના પિતા તેમજ સુખદેવગીરી ગુલાબગીરી (રાજપરા ખોડિયાર)ના બનેવી તેમજ આનંદગીરી શાંતિગીરી (જાફરાબાદ) રઘુગીરી દિલીપગીરી (મહુવા)ના સસરા થાય છે.

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી. -Ad 110
ધો. ૧૦ પુરક પરિક્ષા પાસને ધો. ૧૧ આર્ટસ – કોમર્સ – સાયંસ પ્રવેશ મળશે
* આર્ટસ – મનોવિજ્ઞાન રાજ્યશાસ્ત્ર – સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્ર – ઈતિહાસ ભૂગોળ
* સાયંસ – ગુ.મી. & ઈ.મી. – A&B ગ્રુપ – JEE NEET - GUJCET એડીશનલ ક્લાસ
* કોમર્સ – ગુજ. & Eng મિડીયમ – એકાઉન્ટ – સ્ટેટ – SPCC - BA – અર્થશાસ્ત્ર
* સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત નિવાસી ગર્લ્સ સંકુલ - Since 1997
* સંકુલ ઓછી ફી – સારૂ શિક્ષણ – સારી વ્યવસ્થા – ઉચ્ચ પરિણામ

## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર : **સુરેશચંદ્ર બી. તેરૈયા (એડવોકેટ)** તે અમારા અસીલ **વિપુલભાઈ જગદીશભાઈ કૈલા રહે. બાબરા**વાળાની સુચના અનુસાર લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટિસથી જાણ / તાકી કરૂં છું કે,

અમારા અસીલ એ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે–બાબરા ગામે જુના ગામતળ વિસ્તારમાં કલાલ ચોકમાં પૂર્વ દિશાએ આવેલ દુકાનો પૈકી દુકાન–૧ કે જેનું માપ ચો.મી.૧૧.૮૨ તથા દુકાન–૨ કે જેનું માપ ચો.મી. ૧૨.૧૯ છે. ની કુલ ક્ષેત્રફળ ચો.મી.૨૪.૦૧ના હક્કની દુકાન જેના સીટીસર્વે નં.–૨૯૯૩ છે અને આ મિલ્કત નગરપાલિકા કચેરી બાબરાના આકારણી અનુક્રમ નંબર / ટેનામેન્ટ નં.– ૧૦૦૭૪૫૧ ઉપર નોંધાયેલ છે, આ મિલ્કત અમારા અસીલ એ રજી. વેચાણ દસ્તાવેજ નં.– ૯૩૧/૨૦૨૫ થી **(૧) અશોકભાઈ દામોદરભાઈ ધકાણ (૨) જયવૈંતસિંહ બળવંતસિંહ ચૌહાણ** પાસેથી યોગ્ય અવેજ ચુકવી ખરીદ કરેલ છે.

અને અમારા અસીલ આ મિલ્કત પર શ્રી નાગરીક સહકારી બેંક લિ.– બાબરામાંથી નાણાંકીય સવલતો મેળવવા માંગે છે અને તે સબંધે અમારી પાસે એન.ઓ.સી./ ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ / વ્યકિતનું કે કોઈ નાણાંકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી સંસ્થાનું હિત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે, તેના ઉપર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ / વ્યકિતનો લાગભાગ, હક્ક – હિસ્સો તેમજ હિત સમાયેલ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દીન–૦૭ (સાત) માં લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી. મુદ્દત પૂર્ણ થયે કોઈના કોઈપણ જાતની તકરાર માન્ય રહેશે નહિ અને તેમણે પોતાના તમામ હક્ક હિસ્સા જતા કરેલ છે. તેમ માની અમો ઉપરોકત મિલ્કત ઉપર ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ આપીશું. અમારા અસીલ બેંક સદર મિલ્કત મોર્ગેજ / ગીરોમાં લેશે અને પોતાનો ચાર્જ ઉભો કરશે. મુદ્દત વિત્યે પાછળથી કોઈના કોઈપણ પ્રકારના વાંધા ચાલશે નહિ, અને જો કરશે તો આ જાહેર નોટિસથી રદ્દ બાતલ ગણાશે. જેની આ જાહેર નોટિસથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તે અમારા અસીલની સ્પષ્ટ સુચનાથી

તારીખ : ૧૭/૦૭/૨૦૨૫
સ્થળ : બાબરા

સુરેશચંદ્ર બી. તેરૈયા
(એડવોકેટ)

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૧૫ | ૧૦૧૫ |
| ૨ | તલ સફેદ | ૧૨૦૧ | ૧૯૩૬ |
| ૩ | તલ કાળા | ૩૪૦૦ | ૩૫૦૧ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૨૫૧ |
| ૫ | બાજરો | ૪૪૧ | ૫૬૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૦૬ | ૫૭૭ |
| ૭ | જુવાર | ૪૯૦ | ૮૭૧ |
| ૮ | મગ | ૧૩૯૧ | ૧૫૫૧ |
| ૯ | અડદ | ૧૩૨૫ | ૧૩૨૫ |
| ૧૦ | ચણા | ૮૦૦ | ૧૧૫૦ |
| ૧૧ | સોયાબીન | ૭૭૧ | ૭૭૧ |
| ૧૨ | શીંગદાણા | ૧૨૨૦ | ૧૩૦૧ |

# જામબરવાળા હાઈસ્કુલ ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



બાબરા, તા. ૧૮

આજરોજ વી.એન. પટેલ કલ્યાણ વિદ્યાલય જામબરવાળા ખાતે નિયામક આયુષની કચેરી ગુજરાત રાજય ગાંધીનગર તથા જિલ્લા આર્યુવેદ અધિકારી અમરેલીના ઉપક્રમે આયુષ ગ્રામ યોજના અંતર્ગત આર્યુવેદ અને હોમિયોપેથીક સારવાર માટેનો કેમ્પ યોજાયો હતો. જેમાં ડો. હેમાલીબેન મકવાણા (મેડિકલ ઓફિસર આર્યુવેદ) ડો. જયોતિ નમષા (મેડીકલ ઓફિસર હોમિયોપેથીક), ડો. અનીલા બારૈયા (મેડીકલ ઓફિસર હોમિયોપેથીક) એ માર્ગદર્શન સારવાર તથા દવાઓ આપી હતી. આ તકે વિદ્યાર્થી ભાઈ-બહેનો સહિત ગ્રામજનોએ વિશાળ સંખ્યામાં હાજર રહી કેમ્પનો લાભ લીધો હતો. પ્રાસંગિક ઉદ્બોધન અને કેમ્પની ઉપયોગીતા પર શાળાના આચાર્ય કાનાણીએ માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમ કેમ્પને સફળ બનાવવા સમગ્ર શાળા પરિવારે જહેમત ઉઠાવી હતી.

# સાવરકુંડલાના સંત હરિહરસ્વામીનો દેહ પંચમહાભૂતમાં વિલિન થયો



સાવકુંડલા, તા. ૧૮

સ્વામીનારાયણ ગુરૂકુળ સાવકુંડલા ખાતે આજરોજ હરિહરસ્વામી અક્ષર નિવાસી થયા તેમને ગઢપુર મુકામે અગ્નિ સંસ્કાર કરવામાં આવેલ જેમાં હજારો હરિભકતો તથા અનેક ધામેધમથી પધારેલા સંતોની હાજરીમાં ભગવાનની ધૂન સાથે પંચ મહાભૂતમાં વિલિજ થયો. આ તકે વડતાલ મંદિરના મહાસભાના પ્રમુખ નૌત્તમ સ્વામી, કાલુપુર અમદાવાદના સંત તેમજ ગઢડા મંદિરના કોઠારી સ્વામીએ અક્ષર નિવાસી હરિહરસ્વામીના ગુણોને યાદ કરી સત્સંગ સમાજને એક મોટી ખોટ પડી છે તેમ જણાવ્યું હતું.

સ્વમીનારાયણ ગુરૂકુળ સાવકુંડલાના વિષ્ણુપ્રસાદદાસજી સ્વામી અને શાસ્ત્રી ભગવતપ્રસાદદાસજી સ્વામીએ દરેકનો આભાર માન્યો હતો. સમગ્ર વ્યવસ્થા મુકુંદ સ્વામી, કોઠારી અક્ષરમુકતદાસજી સ્વામી, હરિદર્શન સ્વામી, શુકદેવ સ્વામી દ્વારા કરવામાં આવેલ.

### બિહારનાં ઝાંઝરપુરમાં

# યુવા નેતા મનીષ સંઘાણી યુવાઓને સંબોધિત કરશે

## યુથ કો-ઓપરેટીવ વિષય પર સંબોધન

અમરેલી, તા. ૧૮

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહના આહવાન બાત ભારત દેશમાં સૌ પ્રથમ અમરેલી જિલ્લામાં યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી ખાતે સૌ પ્રથમ કોલેજ કેમ્પસની કો-ઓપરેટિવ મંડળી રજીસ્ટ્રેશન કરવામાં આવેલ જે દેશના યુવાઓને સહકારી ક્ષેત્રે એક નવી રાહ બતાવી છે. ત્યારે અમરેલી અને ગુજરાત ગૌરવ લઈ શકે કે આ અમરેલીમાં નોંધાયેલ કેમ્પસ કો-ઓપરેટિવ જે સમગ્ર દેશ અને દુનિયામાં રોલ મોડલ બનવા જઈ રહી છે. ત્યારે બિહારમાં ઝાંઝરપુર શહેર ખાતે આયોજીત યુવાઓ માટેના કાર્યક્રમ અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને યુવા નેતા મનીષ સંઘાણી મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહી યુવાઓને યુથ કો-ઓપરેટિવના વિષય ઉપર સંબોધિત કરશે. અને બિહાર રાજયમાં કો-ઓપરેટિવ ક્ષેત્રમાં યુવાઓ જોડાય અને અમરેલીની યુથ કો-ઓપરેટિવ રોલ મોડલ બની બિહારમાં કોલેજ યુથ કો-ઓપરેટીવ સોસાયટી બનાવવામાં આવશે.

### શ્રેષ્ઠ અને ઉમદા વ્યકિતની વિદાય

# રાજુલાનાં અખબારી જગતમાં નામના ધરાવતા વસંતપરી ગોસ્વામીનુ નિધન

## નામાંકિત વર્તમાનપત્ર ઘરે-ઘરે પહોંચાડતા હતા



રાજુલા, તા. ૧૮

રાજુલા શહેરમાં છેલ્લા ૫૦ વર્ષથી અખબારી ક્ષેત્રે રાજુલા શહેરમાં ખૂબ જ મોટું નામ ધરાવતા વસંતપરી ગૌસ્વામી જેમને આજે લાંબી બીમારી બાદ અવસાન થયું છે. રાજુલા શહેરમાં અખબારી આલમમાં ખૂબ જ મોટું નામ અને નાનામાં નાના માણસને મદદરૂપ થવાની ભાવના ધરાવતા એટલે વસંતપરી ગૌસ્વામી સમગ્ર સૌરાષ્ટ્રના નામાંકિત અખબારોનું વેચાણ કરતા અને રાજુલા શહેરમાં ઘર ઘર સુધી પહોંચાડતા અને રાજુલા પાસે આવેલી મહાકાય કંપનીઓ અલ્ટ્રાટેક પીપાવાવ સિન્ટેકસ જેવી કંપનીઓમાં પણ આ અખબાર પહોંચાડવાનું કામ કરતા ગૌસ્વામીની આજે લાંબી બીમારી બાદ દુઃખદ અવસાન થયું છે. ત્યારે આ દુઃખદ અવસાનથી અખબારી આલમના તમામ પત્રકાર મિત્રોએ દુઃખ વ્યક્ત કર્યુ.

# ધારીના તાલુકાના માલસીકા, મોણવેલ રોડનું પેવર પટ્ટા દ્વારા સમારકામ



અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લાના ધારીના તાલુકાના માલસિકા - મોણવેલ રોડનું પેવર પટ્ટાદ્વારા સમારકામ કરવામાં આવ્યું છે. આશરે ૭ કિલોમીટર લાંબા આ રોડની મરામત કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

અમરેલી જિલ્લા માર્ગ અને મકાન પંચાયત હેઠળના આ રોડ પર ભારે વરસાદ અસરગ્રસ્ત ભાગને પેવર મશીન દ્વારા ડામર યુક્ત મટિરિયલ પાથરીને સમથળ કરવામાં આવ્યો હતો.

આ સાથે રોલરના ઉપયોગથી રસ્તાની મજબૂતાઈ વધારવામાં આવી હતી. તેમ અમરેલી જિલ્લા માર્ગ અને મકાન પંચાયત કાર્યપાલક ઈજનેર સુમિત ચૌધરીએ એક યાદીમાં જણાવ્યુ છે.

# જુના સાવર મુકામે વાલી સંમેલન યોજાયુ



સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા તાલુકાના જુના સાવર મુકામે આવેલ શ્રીમતી કે. ટી. પારેખ હાઈસ્કૂલ ખાતે ધોરણ ૯ અને ૧૦માં અભ્યાસ કરતા સંતાનોના વાલીઓનું સંમેલન તારીખ ૧૭/૭/૨૫ના રોજ શાળાના પ્રાર્થના હોલમાં બપોરે ૩:૦૦ કલાકે યોજાયું. આ વાલી સંમેલનનો હેતુ ધોરણ ૧૦ના બોર્ડના વિદ્યાર્થીઓ ઉચ્ચ પરિણામ પ્રાપ્ત કરે તેવો હતો. કાર્યક્રમની શરૂઆત શાળાના બાળકોએ પ્રાર્થનાથી કરી હતી. ત્યારબાદ શાળાના શિક્ષક ચેતનભાઈ ત્રિવેદીએ આગંતુકોનું શબ્દોથી સ્વાગત કર્યું હતું. ત્યાર પછી ચેતનભાઈ ત્રિવેદીએ મોબાઈલ અને ટીવીથી વાલીઓને સતર્ક રહેવા ટકોર કરી. શાળાના શિક્ષિકા મિતલબેને બાળકોને નિયમિતતા અને સ્વચ્છતા અંગે માહિતી આપી. શાળાના વિજ્ઞાન શિક્ષક વિનોદરાય વાળાએ ધોરણ ૧૦ની પરીક્ષા પદ્ધતિ વિશે વાલીઓને વાકેફ કર્યા હતા. વિદ્યાર્થી પાસિંગ ગુણ ૩૩ કેટલી સરળતાથી લાવી શકે તેની સમજૂતી આપી હતી. સાથોસાથ શાળાના વિદ્યાર્થીઓ માટે શાળાના શિક્ષકો અને શાળા શું પ્રયત્ન કરે છે તેની પણ માહિતી આપી હતી. શાળાના આચાર્ય આશિષકુમાર એમ જોશીએ વાલીઓની ફરજ અને તેમની જવાબદારી વિશે સવિશેષ ચર્ચા કરી. કાર્યક્રમના અંતે વાલીઓએ પણ પોતાના અભિપ્રાયો વ્યકત કર્યા હતા અને વાલીઓએ પણ આનંદ વ્યકત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના સિનિયર શિક્ષક વિનોદરાય વાળા દ્વારા કરવામાં આવ્યું હતું. ગામના સરપંચ કલ્પેશભાઈ કાનાણીએ પણ કાર્યક્રમને ટેલીફોનિક સંદેશાથી બિરદાવ્યો હતો.

# જાફરાબાદ : રાજય મહિલા આયોગ દ્વારા નારી અદાલતની સ્થાપના કરવામાં આવી



જાફરાબાદ, તા. ૧૮

જાફરાબાદ ખાતે આવેલ જુની પીજીવીસીએલની બાજુમાં કાર્યરત નારી અદાલત કે જે સ્ત્રીના કાનુની અધિકાર અને રક્ષણ માટેની એક ન્યાય પ્રણાલિકા છે. ઘરેલુ હિંસા મારપીટ હોય કે પછી ઘરેલુ ઝગડા ટે પછી સંકાકુસંકા હોય કે પતિ પત્નીના ઝગડા કે પછી દારૂડિયા પતિનો ત્રાસ કે પછી બાળકો સોપારીનો પ્રશ્ન હોય કે પછી જમીન મીલકતના પ્રશ્નો તમામ પ્રશ્નો માટે સરળતાથી અને કાયદાકીય માર્ગદર્શન થકી તેનો નિકાલ કરતી અને સ્ત્રીઓના અધિકારોની સરળતાથી નિકાલ કરતી એટલે ગુજરાત મહિલા આયોગ દ્વારા નારી અદાલત એટલે એક નુતન ન્યાય પ્રણાલિકા સ્ત્રીઓ માટે કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૦૫માં ઘરેલુ હિંસા અધિનિયમની જોગવાઈ કરી હતી ઘરેલુ હિંસાનો ભોગ બનનાર મહિલા આ કાયદા હેઠળ ફરિયાદ કરવા માટે પોલીસ અથવા કોર્ટમાં જવાની બદલે સીધી કાયદા નીચે નિમાયેલ નારી અદાલત સમક્ષ જઈ ફરિયાદ કરી શકે છે. આ કાયદામાં મહત્વની વાત એ છે કે જો ભોગ બનનાર મહિલા રક્ષણ અધિકારી પાસે ન જઈ શકે તો તે મહિલા જયાં રહેતી હોય અથવા જયાં ઘરેલુ હિંસા થઈ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હોય તે વિસ્તારના ફોજદારી અધિનિયમ હેઠળ હકૂમત ધરાવતા જયુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ સીધી ફરિયાદ કરી શકે છે. આ ઘરેલુ હિંસા અધિનિયમ ૨૦૦૫ મુજબ ફરિયાદ થયા પછી મેજિસ્ટ્રેટ સમક્ષ અધિકારીની મદદ લઈ મહિલાના હિતના રક્ષણ માટે કાર્યવાહી કરી શકે છે. સેવા આપનાર સંસ્થા એટલે કે સિંવસ પ્રોવાઈડર જેને આ કાયદા એ એક ખાસ ભૂમિકા ભજવવા માટે નિમણૂક કરી છે. જે નારી અદાલત કે જે મહિલાને તબીબી સારવાર માટે લઈ જવી અને કાનૂની વ્યવસ્થામાં મદદરૂપ થવું પડે ખાસ કરીને આ નારી અદાલત પાસે મહિલાને મોકલી ઘરેલુ હિંસા ન થાય તે માટે મહિલા અને તેના ઉપર હિંસા આચરતી વ્યકિત વચ્ચે સમાધાન થાય તે માટે પ્રયત્નો કરવાના હોય છે. તથા સ્ત્રીઓ સાથે થતી કોઈ પણ પ્રકારની હિંસા અટકાવવા માટે હિંસા કરનાર પર મનાઈ ફરમાવવામાં આવે છે. અને તાત્કાલિક સુરક્ષા મળે છે. સ્ત્રીઓના હકક અધિકારો માટે કાયદાકીય લડત લડતી નારી અદાલતના જીલ્લા કો-જસુબેન ભંડેરી તથા નારી અદાલત તાલુકા કો -ઓર્ડીનેટર કિંજલબેન ગોસ્વામી બંને બહેનો દ્વારા સ્ત્રીના સન્માન જળવાય રહે અને દીકરી વ્હાલનો દરિયો, ભણેલી દીકરી ત્રણ કુળ તારે, નારી તું નારાયણી, યંત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તંત્ર દ્રેવતા : !! તમામ સુત્ર સાથે સ્ત્રી રક્ષણ માટે ઘરેલુ હિંસાનો ભોગ બનનાર મહિલાને કાયદાકીય માર્ગદર્શન હેઠળ નારી ગૌરવ નીતિનો અમલ એક અત્યંત સંવેદનાત્મક અને અનિવાર્ય કાર્ય છે. નારીનું આત્મા સન્માન મરી રહે તે હેતુથી નારી અદાલતની સ્થાપના કરવામાં આવી છે.

### જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને

# અમરેલી ખાતે એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨ સહિતની સેવાઓની ત્રિમાસિક સમીક્ષા બેઠક યોજાઈ

## ૧૯૬૨ની સેવા વધુમાં વધુ પશુઓ માટે મદદરૂપ થાય તેવું આયોજન કરવા દિશા નિર્દેશ

અમરેલી, તા. ૧૮

રાજય સરકારના પશુપાલન વિભાગ, ઈ. એમ. આર. આઈ ગ્રીન હેલ્થ સર્વિસ દ્વારા સંચાલિત અને ૧૦ ગામ દીઠ એક હરતું ફરતું પશુ દવાખાનું, ૧૯૬૨ - કરૂણા એનિમલ એમબ્યુલન્સ અને કેન્દ્ર સરકાર દ્વારા પુરસ્કૃત મોબાઈલ વેટરનરી યુનિટી (એમવીયુ) સેવાઓની કો-ઓર્ડિનેશન કમિટીની જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા સેવા સદન ખાતે ત્રિમાસિક બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં, ૧૯૬૨- એનિમલ એમ્બ્યુલન્સ સહિતની સેવાઓના પ્રોજેક્ટ કોર્ડિનેટરે જિલ્લામાં ઉપલબ્ધ સેવાઓના રિસોપન્સ સમય, સાઈકલ ટાઈમ અને કેસની વિગતો સહિત અલગ અલગ પેરામીટર સમિતિના અધ્યક્ષ અને જિલ્લા કલેકટર સમક્ષ રજૂ કરવામાં આવી હતી.

અમરેલી જિલ્લામાં વધુમાં વધુ પશુઓ માટે ૧૯૬૨ની સેવા મદદરૂપ થાય અને પશુપાલકોને લાભ મળે તેમ આયોજન કરવા અધ્યક્ષએ સૂચન કર્યુ હતુ. તેમણે સેવાઓને વધુ સુદ્દઢ બનાવવા દિશાનિર્દેશો આપ્યા હતા.૧૯૬૨ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ સેવા, અમરેલી શહેરી વિસ્તાર તેમજ આજુબાજુના ગામમાં માલિકી વિહોણા (સ્ટ્રે એનિમલ) પશુ-પક્ષીઓ માટે સવારે ૮.૦૦ કલાકથી સાંજે ૮.૦૦ કલાક સુધી ૧૨.૦૦ કલાક કાર્યરત છે.

૧૦ ગામ દીઠ એક મોબાઈલ સેવા (એમ.વી.ડી) અને મોબાઈલ વેટરનરી યુનિટ (એમ.વી.યુ) ફાળવેલા નિશ્ચિત ફાળવેલા ગામોમાં પાલતુ પ્રાણીઓની સેવાઓ કરવામાં આવે છે. પશુપાલકોના હિતાર્થે પશુઓને યોગ્ય આરોગ્ય સારવાર મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા આ સુવિધા આપવામાં આવે છે, જે પશુપાલકો માટે નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે.

૧૯૬૨ એનિમલ એમ્બ્યુલન્સ સેવાઓનો નાગરિકો અને પશુપાલકો લાભ મેળવવા - મદદ માટે ફોન કરી શકે છે. રાજય સરકાર દ્વારા પશુપાલકો માટે ઉપલબ્ધ આ નિઃશુલ્ક સેવાનો લાભ લેવા અનુરોધ છે.

કો-ઓર્ડિનેશન કમિટીની સમીક્ષા બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, સુપર ન્યુમરરી આઈએએસ અતુલ સિંઘ, નાયબ પશુપાલન નિયામકશ્રી ડા. શૈલેષ કુનડીયા, માર્ગઅને મકાન વિભાગ પંચાયત, આંકડા વિભાગના અધિકારીઓ, ૧૯૬૨ પ્રોગ્રામ મેનેજર, જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર સહિતના ઉપસ્થિત રહ્યા હતા, તેમ પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર સુનિલ લીંબાણીએ એક યાદીમાં જણાવ્યુ છે.

### સંતો,મંહતો અને રાજકીય, સામાજિક આગેવાનોની ઉપસ્થિતિમાં

# બગસરા ખાતે વિશ્વકર્મા યુવા કમિટી અને સમસ્ત લુહાર સમાજ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

## તેજસ્વી વિદ્યાર્થીઓને શિલ્ડ આપી સન્માનીત કરાયા

બગસરા, તા. ૧૮

બગસરામાં વિશ્વકર્મા યુવા કમિટી તથા સમસ્ત લુહાર સમાજ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ તથા વિદ્યારત્ન એવોર્ડ તથા વિશ્વકર્મા જ્ઞાતિરત્ન એવોર્ડ વિતરણ તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.આ કાર્યક્રમ સમસ્ત લુહાર સમાજ બગસરા તથા





બગસરા શહેરના સામાજિક કાર્યકર અને મહામંડલેશ્વર ૧૦૦૮ હરિહરાનંદ ભારતીબાપુના સેવક ચિરાગભાઈ પરમારની આગેવાનીમા કરવામાં આવ્યું.કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટયથી કરવામાં આવી અને ઉપસ્થિત મહેમાનનું શાબ્દિક સ્વાગત ચિરાગભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં મહામંડલેશ્વર ૧૦૦૮ હરિહરાનંદ ભારતીબાપુ, ધારાસભ્ય જે.વી કાકડિયા, એવી રીબડીયા, પી.એલ. વઘાસીયા, અનિલભાઈ વેકરીયા, એકતાબેન પરમાર તથા મેંદરડા, પોરબંદર, સાવરકુંડલા, અમદાવાદ, વડોદરા, મોડાસા, રાજકોટ, અમરેલી, જૂનાગઢ વિવિધ શહેરમાંથી પધારેલ લુહાર સમાજની વિવિધ સંસ્થાઓના આગેવાનઓ, કાર્યકર્તાઓ, પત્રકારો, ભજન સંતવાણીના કલાકારઓ તથા બગસરા શહેર તથા કુકાવાવ શહેરના લુહારસમાજના જ્ઞાતિજનોની ખુબ વિશાળ હાજરી જોવા મળી.બગસરા શહેર તેમજ આજુબાજુ વિસ્તારના લુહાર સમાજના બાલમંદિરથી લઈ કોલેજ કે ઉચ્ચ અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થી મિત્રોનું પ્રોત્સાહન ઈનામ તેમજ તેજસ્વી વિદ્યાર્થી મિત્રોનું શિલ્ડ આપી સન્માન કરવામાં આવ્યાં આ કાર્યક્રમમા લુહાર સમાજના સંતવાણીના સુપ્રસિધ્ધ કલાકારઓનું વિશ્વકર્મા ગાયક કલાકાર એવોર્ડ આપી સન્માન કરવામાં આવ્યું. જેમાં ઈન્ટરનેશનલ લેવલે ખ્યાતિ મેળવનાર કલાકાર પિયુષ મિસ્ત્રી, ચિરાગ કવા તથા લોક સાહિત્યકાર ભગીરથભાઈ રાઠોડ, નડિયાદના બાળ કલાકાર દેવ મિસ્ત્રી તથા બાળ કલાકાર દેવવર્ત ઉમરાળીયાનું એવોર્ડ આપી સન્માન કરવામાં આવ્યું.

ગુજરાતી સાહિત્ય ક્ષેત્રના કવિ-લેખક કેળવળીકાર સ્વ. કરશનદાસ લુહારને મરણોત્તર લુહાર જ્ઞાતિરત્ન એવોર્ડ આપી એમનું સ્મરણ કરવામાં આવ્યું. સાહિત્યક્ષેત્રમા આજની પેઢી પ્રેરણા લે તેવા ઉદ્દેશ સાથે આ એવોર્ડ આપવામાં આવ્યો પરમ ધર્મેશભાઈ ચુડાસમા ખુબ નાની ઉંમરમાં રમત ગમત ક્ષેત્રે ભારતીય ટીમમા જેમનું સિલેશકન થયું અને જાપાનમા પોતે ટુર્નામેન્ટ રમીને પરત આવનાર પરમ ધર્મેશભાઈ ચુડાસમાને જ્ઞાતિરત્ન એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા ધૂન પ્રેયસકુમાર મિસ્ત્રી સૌથી નાની ઉંમરમાં સંસ્કુતમા ગીતા શ્લોક નું ઝડપી ઉચ્ચારણ કરી વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો તે બદલ ધૂન પ્રેયસકુમાર મિસ્ત્રી બદલ જ્ઞાતિરત્ન એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા. અશોકભાઈ હિંમતભાઈ સિપ્રધપુરા પોરબંદર યુવાન વયે બોખીરાધામ ધાર્મિક સંસ્થાના પ્રમુખ તરીકે નિયુક્ત પામી સંસ્થાને દેશવિદેશ સ્તરે ખ્યાતિ અપાવનાર એક ધગશશીલ પ્રમુખ કાર્યકર તરીકે અશોકભાઈ સિધ્ધપુરાને જ્ઞાતિરત્ન એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા. અશોકભાઈ રામજીભાઈ પીઠવા વલ્લભ વિદ્યાનગર સમસ્ત લુહાર સમાજમા શિક્ષણની જયોતને પ્રજવલિત રાખવા અથાગ મહેનત કરનાર, શિક્ષણમાટે સતત માર્ગદર્શક બનનાર વલ્લભ વિદ્યાનગર વિદ્યાર્થીભવનના નિર્માણ સમયથી સતત જોડાયેલા અને વર્તમાનમા લુહાર સુથાર વિદ્યાર્થી ભવનના ટ્રસ્ટી તરીકે કાર્યરત અશોકભાઈ રામજીભાઈ પીઠવાને જ્ઞાતિરત્ન એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા.લુહાર સમાજમાંથી સરકારી ક્ષેત્રમા એટલે કે ગુજરાત સરકારમા વહીવટ ખાતામાં અધિક કલેકટર તરીકે સેવા આપનાર સાહિત્યપ્રિય વ્યકિતત્વ શાંતિલાલ અમૃતલાલ ડોડીયાને જ્ઞાતિરત્ન એવોર્ડ આપી સન્માનિત કરવામાંઆવ્યા. અમરેલી લુહાર જ્ઞાતિમા ઉત્તમ સેવા પ્રદાન કરનાર તેમજ માનવસેવા પરમ ધર્મને અનુસરી સેવા આપનાર ડો.પી.પી. પંચાલને જ્ઞાતિરત્ન એવોર્ડ આપી સન્માનિત કરવામાંઆવ્યા. સામાજિક ક્ષેત્રમા યોગદાન આપનાર જ્ઞાતિ ગૌરવ જેને કેહવાય એવા કાંતિભાઈ પીઠવા (કોણાર્ક), હસમુખભાઈ સોલંકી (નીલકંઠ), કિશોરભાઈ પીઠવા, ડો. કૃણાલભાઈ પંચાલ, અશ્વિનભાઈ ચૌહાણ, રાજેશભાઈ ડોડીયા, નિલેશ કનાડીયા તેમજ રાજકીય, સામાજિક ક્ષેત્રે કાર્યરત દરેક વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું.

૧૭૨ વખત રકદાન કરનાર ચંદ્રકાંતભાઈ પીઠવાનું પણ સન્માન કરવામાંઆવ્યું.બગસરા શહેરના લુહાર સમાજના અગ્રણીઓ અને કાર્યકર્તા મિત્રો અને દાતાઓનું પણ વિશેષ સન્માન કરવામાંઆવ્યું. સમગ્ર કાર્યક્રમ આયોજન માટે સમસ્ત લુહાર સમાજ બગસરા દ્વારા સરસ્વતી સન્માન સમારોહ તથા વિદ્યારત્ન એવોર્ડ તથા વિશ્વકર્મા જ્ઞાતિરત્ન એવોર્ડ વિતરણ તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું ખુબ ભવ્ય અને સુંદર આયોજન કરવામાં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ખુબ જાણીતા એનકર તેમજ શિક્ષણવિદ પિયુષભાઈ લુહાર તથા મોટીવેશનલ સ્પીકર કેતનભાઈ તથા સમાજસેવિકા ધારાબેન ગોહીલ દ્વારા કરવામાં આવ્યું.


# ધરાઈની બાલમુકુંદ હવેલીમાં નયનરમ્ય હિંડોળા દર્શન યોજાયા



બાબરા, તા. ૧૮

બાબરા તાલુકાના ધરાઈમાં આવેલ શ્રી બાલમુકુંદ પ્રભુની હવેલીમાં ફૂલના નયનરમ્ય હિંડોળા શણ ગારવામાં આવ્યા ભાવિકોએ મોટી સંખ્યામાં દર્શનનો લ્હાવો મેળવી ધન્યતાની લાગણી અનુભવી.અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ધરાઈ ગામમાં બિરાજમાન શ્રી બાલમુકુંદ પ્રભુની હવેલીમાં ઠાકોરજીને ફૂલોથી અદભુત નયનરમ્ય હિંડોળા શણગારવામાં આવ્યા હતા જેના દર્શનનો લાભ બહોળી સંખ્યામાં શ્રધ્ધાળુઓ તેમજ ગામના લોકોએ મેળવ્યા હતા અને ધન્યતા અનુભવી હતી.

# ઈનર વ્હીલ કલબ ઓફ અમરેલી ગીરનો શપથ ગ્રહણ સમારોહ યોજાયો યોજાયો



અમરેલી, તા. ૧૮

અમરેલી ખાતે તાજેતરમાં ઈનર વ્હીલ કલબ ઓફ અમરેલી ગીરનો સાતમો શપથ ગ્રહણ સમારોહ યોજાયો હતો. જેમાં કલબના પાસ્ટ પ્રેસિડેન્ટ ડો. મિલી ઠાકરે કલબના પ્રેસિડેન્ટ પદે નિધિ મહેતાને કોલર થતાં પિન પહેરાવી નવનિયુક્ત કર્યા હતા. જયારે વાઈસ પ્રેસિડેન્ટ પદે શિવાની પરીખ, સેક્રેટરી પદ ઉપર બીના ત્રિવેદી, જોઈન્ટ સેક્રેટરી પદ ઉપર જાનકી અટારા, ટ્રેઝરર પદ ઉપર બીના ગાંધી, આઈ.એસ.ઓ પદ ઉપર પ્રતીક્ષા રામાણી, એડિટર તરીકે રાધિકા ગોલ, ઈ.એડમીન તરીકે શીતલ જોશીને શપથ લેવડાવી નવનિયુક્ત કર્યા હતા. આ સાથે કલબમાં નવા જોડાયેલા ૧૩ મેમ્બર્સએ પણ શપથ ગ્રહણ કર્યા હતા. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ એડિશનલ કલેકટર જાડેજા, રોટરી કલબ ઓફ અમરેલી ગીરના પ્રેસિડેન્ટ, સેક્રેટરી, રોટ્રેક પ્રેસિડેન્ટ અને સેક્રેટરી ઉપસ્થિત રહ્યા હતા.

હવે.. બદલાશે સારવારની પરીભાષા
અમરેલીમાં એકમાત્ર રેગ્યુલર યુરોલોજીસ્ટ ધરાવતી હોસ્પિટલ

કિડનીના રોગો, પથરીના ઓપરેશન,પ્રોસ્ટેટના ઓપરેશન અને સારવાર, સુન્નતના ઓપરેશન, પુરૂષોમાં વ્યંધત્વ અને સેક્સ સંબંધીત સમસ્યાઓનું નિરાકરણ
લેબોરેટરી, ડીઝીટલ એક્સ-રે, મેડિકલ સુવિધા રાહતદરે
આયુષ્યમાન ભારત યોજના દ્વારા મફત સારવાર ઉપલબ્ધ
કિડની, મુત્રમાર્ગ, પ્રોસ્ટેટ અને પથરીના સુપર સ્પેશ્યાલિટ
ડો.નીત ચોટાઇ
MBBS, M.S., Dr NB (Urology)
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦



## ૨૫ વર્ષ પહેલા બનાવાયેલ ટાંકીની મરામત કરવાનું ભૂલી જવાયું

# મોટા બારમણમાં પાણી ભરેલ વિશાળ ટાંકી ધબાય નમઃ

બનાવની જાણ થતાં મામલતદાર, પોલીસ અને પા.પૂ. વિભાગનાં અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા

પાણીની વિશાળ ટાંકી ધરાશાયી થતાં હજારો લિટર પાણી આજુબાજુમાં ફરી વળ્યું

આજુબાજુનાં ૭ ગામોમાં પાણી વિતરણ થતું હોવાનું બહાર આવ્યું

પાણી-પુરવઠા વિભાગે ક્યારેય પણ ટાંકીની મરામત કરી ન હોવાનો ઉપસરપંચનો આક્ષેપ



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૧૮

ખાંભા તાલુકાના મોટા બારમણ ગામ નજીક પાણી પુરવઠા વિભાગની પાણીની ટાંકી ધરાશાયી થઈ હતી. આ પાણીની ટાંકી અંદાજિત ૨૫ વર્ષ પહેલા બનેલી હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું. ત્યારે બપોરે અંદાજિત ૩ વાગે પાણીની ટાંકી ધરાશાયી થતા લાખો લીટર પાણીનો વેડફાટ થયો હતો અને ખાંભા–નાગેશ્રી હાઈવે રોડ પર પાણીના વહેણમાં માર્ગની ટાંકીનું બાંધકામ પણ માર્ગો પર આવી જતા માર્ગ બંધ થયો હતો અને આજુ બાજુમાં રહેતા રહીશોના મકાનોને નાની મોટી નુકસાની પણ થઈ હતી. સદનસીબે મોટી દુર્ઘટના ટળી હતી. ત્યારે આ ઘટનાની જાણ થતા ખાંભા મામલતદાર, પોલીસ સ્ટાફ તેમજ પાણી પુરવઠા વિભાગ ઈજનેર સહિત ઘટના સ્થળે દોડી આવ્યા હતા. આ પાણીની ટાંકીમાંથી ૭ જેટલા ગામોને પાણી આપવામાં આવતું હતું હવે આ ગામોને પાણી કઈ રીતના મળશે તે લોકોમાં પ્રશ્ન ઊઠયો છે.

અનુસંધાન પાના ૬ ઉપર

## સહકર્મીએ ગુપ્તભાગે પાટા માર્યા

# અમરેલીનાં એસ.ટી. કર્મચારીને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કર્યાની ફરિયાદ નોંધાઈ

### ડયુટી લીસ્ટમાં નોકરીને લઈને માથાકૂટ થઈ

અમરેલી, તા. ૧૮

અમરેલી તાલુકાના ચિતલ ગામના વતની અને હાલ અમરેલી ચિતલ રોડ, રૂપાયતન સ્કુલની સામે રહેતા અનીલભાઈ ભીખાભાઈ વાળા નામના ૪૦ વર્ષિય યુવક અમરેલી એસ.ટી. ડેપોમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હોય અને આરોપી વનરાજભાઈ ગોહિલ (રહે. અમરેલી) અમરેલી એસ.ટી. ડેપોમાં સરકારી કર્મચારી તરીકે નોકરી કરતા હોય અને જેઓ એસ.ટી. કર્મચારીઓનું ડયુટી લીસ્ટ બનાવતા હોય અને તા. ૧૮ના ડયુટી લીસ્ટમાં યુવકને નોકરી નહિ આપી અને હાથ પર રાખેલ હોય અને કરાર આધારીત ડ્રાઈવરોને નોકરી આપેલ હતી. જે બાબતે યુવક આરોપી પાસે અમરેલી એસ.ટી. ડેપોમાં

અનુસંધાન પાના ૬ ઉપર

## ધારી ખાતે સ્પે. પોક્સો કોર્ટમાં કેસ ચાલી જતાં સજાનો હુકમ


# ખાંભા પંથકનાં એક ગામની તરૂણી સાથે અવારનવાર શરીર સબંધ બાંધનાર આરોપીને ૨૫ વર્ષની સખ્ત કેદ

### સરકારી વકીલ વિકાસ વડેરાની દલીલોનાં આધારે આકરી સજા

અમરેલી, તા. ૧૮

ખાંભા તાલુકાના એક ગામે રહેતી એક ૧૫ વર્ષની તરૂણીને એક ૩૬ વર્ષનો શખ્સ અઢી વર્ષ પહેલાં અપહરણ કરી લઈ જઈ તરૂણીની મરજી ન હોવા છતાં તેણી સાથે ત્રણ ચાર વખત શરીર સંબંધ બાંધેલ હોય. આ અંગે જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાયેલ હતી. આ

અનુસંધાન પાના ૬ ઉપર


અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર... મેગાસીટીમાં થતા ફુવારા પદ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજી થી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
દ્રષ્ટિ આંખની હોસ્પિટલ
ડો.અભિષેક ઠાકર
રોયલ કોમ્પ્લેક્ષ, ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમા ધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
STAR Health Insurance
TATA AIG INSURANCE WITH YOU ALWAYS
Medi Assist
Medi Assist Insurance TPA Pvt. Ltd.
SBI general INSURANCE
care
RELIANCE Health Insurance
BAJAJ Allianz

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
Krishna DINING HALL
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
87,600/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૮/૦૭/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Export Executive
Experience : 3 Years
Age : 30 + years
Education : Bsc | Msc | B.com | M.com | BBA | Bca
Salary : 30,000/- to 40,000/-
Location : Amreli
sheetalhr530@gmail.com
+91 90819 98018
APPLY NOW


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)